# વિશ્વવિહાર

વર્ષ : 27 * અંક : 7 * એપ્રિલ 2025 * કિં. ₹ 15













**ચિત્રકાર અને શિલ્પસર્જક**

**હિંમત શાહની કલાસૃષ્ટિ**




'અવાજના જંગલમાં ભટકે કવિ વિનાનું ગામ' કાર્યક્રમમાં વિભા દેસાઈ, અમર ભટ્ટ અને પ્રહર વોરા દ્વારા કવિશ્રી અનિલ જોશીનાં ગીતોની પ્રસ્તુતિ



'ચિત્રકાર શ્રી છગનભાઈ જાદવનાં
ચિત્રોમાં જોવા મળતો દાંડીકૂચનો મિજાજ'
વિશે રિઝવાન કાદરી

આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# પૃથ્વી-પુત્રીની ડ્રેગન સવારી



જ્યારે આપણે અમેરિકા, કૅનેડા કે કોઈ બીજા દેશમાં જઈએ છીએ ત્યારે આપણી ઓળખ ગુજરાતી, બંગાળી, મરાઠી વગેરે નહીં, પણ એક ભારતીય તરીકે ઓળખાઈએ છીએ. તેવી જ રીતે કોઈ માનવી આપણા આ પૃથ્વી ગ્રહથી દૂર કોઈ અન્ય ગ્રહ, ઉપગ્રહ કે અંતરિક્ષમાં જાય ત્યારે તે અમેરિકન, રશિયન, ભારતીય... ન રહેતાં પૃથ્વીનો માનવી કે પૃથ્વી પરનું સંતાન જ કહેવાય છે. હમણાં જ પાછાં ફરેલાં અંતરિક્ષયાત્રીઓને પૃથ્વી-પુત્રી કે પૃથ્વી-પુત્રો તરીકે ઓળખવાં જોઈએ. આ હિસાબે લગભગ નવ મહિના આંતરરાષ્ટ્રીય અંતરિક્ષમથકનાં અતિથિ બની ૧૯ માર્ચે સવારે ૩:૨૫ વાગ્યે પૃથ્વી પર પાછાં ફરેલાં સુનીતા વિલિયમ્સ અને વિલમોર બૂચ પણ પૃથ્વી-પુત્રી અને પૃથ્વી-પુત્ર છે. પૃથ્વી પર એકબીજાના હરીફ કે વિરોધી એવા દેશો - અમેરિકા અને રશિયાએ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષમથકના પ્રકલ્પની શરૂઆતથી આજ દિન સુધી સહકારથી કામ કર્યું છે; જેમાં યુરોપ, જાપાન અને કૅનેડાનો પણ સાથ રહ્યો છે. તેનું એક હાથવગું ઉદાહરણ છે કે ૧૯ માર્ચ, ૨૦૨૫ના દિવસે જે ચાર અંતરિક્ષયાત્રીઓએ પૃથ્વી પર અવતરણ કર્યું તેમાંથી ત્રણ અંતરિક્ષયાત્રીઓ અમેરિકન અને એક અંતરિક્ષયાત્રી રશિયન હતા. અરે ! ૨૦૧૧થી ૨૦૨૦ દરમિયાન અમેરિકન અંતરિક્ષયાત્રીઓ પણ રશિયન અંતરિક્ષયાન સોયુઝમાં મુસાફરી કરતા હતા. આ કેવો વિરોધાભાસ છે કે વિશ્વમંગલ કે પૂજ્ય વિનોબા ભાવેની ‘જય જગત’ની ભાવનાને આત્મસાત્ કરવા માટે આપણે આ જગત છોડીને અંતરિક્ષ ભણી રવાના થવું પડ્યું !

સુનીતા વિલિયમ્સ અને અન્ય અંતરિક્ષયાત્રીઓ ડ્રેગન અંતરિક્ષયાનમાં સવાર થઈને પૃથ્વી પર હેમખેમ પહોંચી ગયાં. ડ્રેગન તો ચીની સંસ્કૃતિ અને ચીની પુરાણો સાથે સંકળાયેલું છે તો પછી અમેરિકન ઉદ્યોગપતિ એલન મસ્કે પોતાના મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પને ડ્રેગન નામ શા માટે આપ્યું ? આ પ્રકલ્પની શરૂઆતમાં કેટલાક ટીકાકારો અંતરિક્ષયાનનો પ્રકલ્પ અશક્ય માનતા હતા. તેમની ટીકાઓને કાને ધર્યા વગર મસ્કે પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા અને સફળતા મળી. આજે ૧૦૦ % સફળ અંતરિક્ષયાનમાં તેની ગણતરી થાય છે. જ્યારે ‘માનવ કૅપ્સ્યૂલ’નું નામકરણ કરવાની વાત આવી ત્યારે મસ્કને

૧૯૬૩નું પોતાનું પ્રિય બાળગીત 'Puff, the Magic Dragon' યાદ આવ્યું. આ ગીતમાં વિશાળકાય મૅજિક ડ્રૅગન અને પેપર નામના બાળકની દોસ્તીની વાત છે. મૅજિક ડ્રૅગન સાથે પેપર સાગર ખેડવા જાય છે. રાજાથી લઈને ચાંચિયાઓ સુધી બધા જ મૅજિક ડ્રૅગનને આદર આપે છે. ડ્રૅગન ચિરંજીવી હોય છે...વગેરે. મસ્કે વિચાર્યું કે મારું અંતરિક્ષયાન મૅજિક ડ્રૅગન જેવું શક્તિશાળી, સૌનો આદર પામતું અને વિશાળ અંતરિક્ષ ખેડતું ચિરંજીવી હોય અને SpaceXનું યાતાયાત માટેનું અંતરિક્ષયાન 'મૅજિક ડ્રૅગન' તરીકે વિશ્વ સમક્ષ આવ્યું જે પછીથી ફક્ત 'ડ્રૅગન' તરીકે ઓળખાવા લાગ્યું. ત્યારપછી ડ્રૅગનનાં કેટલાંક અન્ય સંસ્કરણો આવ્યાં જેમ કે ડ્રૅગન-૧, ડ્રૅગન-૨, રેડ ડ્રૅગન અને ડ્રૅગન XL. આમ પૃથ્વી-પુત્રી સુનીતા ડ્રૅગન પર સવાર થઈને અંતરિક્ષમાંથી પાછાં ફર્યાં.

'વિશ્વવિહાર'ના નિયમિત વાચકોને ખ્યાલ જ હશે કે અંતરિક્ષમથક પર રહેવામાં કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, દિનચર્યા કેવી બદલાઈ જાય છે અને પૃથ્વી પર પાછા આવ્યા પછી પણ કેટલી સાવધાની રાખવી પડે છે ! સુનીતાની ઘર વાપસીના વીડિયોમાં દેખાય છે કે ડ્રૅગનની યાત્રા શરૂ થઈ ત્યારે તે દૂધ જેવું સફેદ હતું પણ સત્તર કલાક પછી પૃથ્વી પર પહોંચ્યું ત્યારે તેના પર દાઝ્યાના ડાઘ હતા. આપણે જાણીએ છીએ કે અંતરિક્ષમાં વાતાવરણ હોતું નથી. અંતરિક્ષથી પાછું ફરતું યાન તીવ્ર ગતિથી (૨૮,૦૦૦ કિમી/કલાક) પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરે છે. આ સમયે પૃથ્વીના વાતાવરણના કણોનું યાન સાથે ઘર્ષણ થાય છે અને યાનની ગતિ ધીમી પડે છે. ગતિ શક્તિનું ઉષ્મા શક્તિમાં રૂપાંતર થાય છે પરિણામે યાનની આજુબાજુનું વાતાવરણ ખૂબ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| પૃથ્વી-પુત્રીની ડ્રૅગન સવારી | ૩ | ચિંતન ભટ્ટ |
| ઓહ ! એક નાટકે સર્જ્યું કેવું મહાનાટક ! | ૭ | કુમારપાળ દેસાઈ |
| ડોનાલ્ડ ટ્રમ્પનું વ્યાપારયુદ્ધ | ૧૧ | પ્રવીણ ક. લહેરી |
| ખાઓ, પીઓ અને જલસા કરો ! | ૧૪ | રતિલાલ બોરીસાગર |
| ગૂગલ સામે પડકાર ઈલોન મસ્કનું ગ્રોક-૩ | ૧૬ | હર્ષ મેસવાણિયા |
| સદાબહાર હિંમત શાહસોદાગર | ૧૯ | સુધા ભટ્ટ |
| અમેરિકા અને આપણે | ૨૧ | ડૉ. સુધીર શાહ |
| અંગત વેદના બની સહુનો આશીર્વાદ | ૨૭ | પ્રીતિ શાહ |
| જ્ઞાનસત્ર અને ફિલ્મની પ્રસ્તુતિ | ૨૯ | નલિની દેસાઈ |
| વાર્તા-મેળો : માતૃભાષાની સેવામાં એક મૌલિક પ્રયાસ | ૩૧ | દર્શા કિકાણી |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | — |

જ ગરમ (૨૭૦૦ ડિસે તાપમાન સુધી) થાય છે. આ ગરમી યાનની અંદર ન પહોંચે તેની પૂરતી તકેદારી રાખવામાં આવે છે, છતાં પણ અકસ્માત થઈ શકે છે. યાદ કરો - ૨૦૦૩નો કોલમ્બિયા યાનનો અકસ્માત; જેણે કલ્પના ચાવલા સહિત કુલ સાત પૃથ્વી સંતાનોનો ભોગ લીધો હતો. પૃથ્વી તરફ પાછું ફરતું યાન આ સમયે અગનગોળો લાગે છે. આગના ડાઘ યાન પર રહી જાય છે. આ સમયની પ્રચંડ ગરમીથી વાતાવરણના પરમાણુઓ (Atoms) ઈલેક્ટ્રૉન છોડી દે છે. આમ વીજભારિત (Ionised) કણોનું એક આવરણ એટલે કે પ્લાઝમાનું ઘટ્ટ આવરણ યાનની ચોમેર રચાય છે. પ્લાઝમાના ગુણધર્મો અણુઓના ગુણધર્મોથી નોખા હોય છે. પ્લાઝમાનું આવરણ વીજવાહક હોય છે જેને પ્રતાપે યાનમાંથી પ્રસારિત થતા રેડિયોતરંગોનું તે ક્યાં તો અવશોષણ કરે છે કે પછી પરાવર્તિત કરે છે. તેને કારણે રેડિયોતરંગો ભૂ-મથક સુધી પહોંચી શકતા નથી અને સંદેશાવ્યવહારનો ‘બ્લૅક આઉટ’ સર્જાય છે. આ સમયે પાછા ફરતા યાનનો પૃથ્વી સાથેનો સંપર્ક કપાઈ જાય છે. આ પરિસ્થિતિ થોડી મિનિટો માટે રહે છે. અલબત્ત, બ્લૅક આઉટની અવધિનો આધાર યાનની ગતિ અને પ્રક્ષેપમાર્ગ (Trajectory) પર છે.

મહદ્અંશે યાનનું સમુદ્રમાં અવતરણ કરાવવામાં આવે છે જેથી પૃથ્વીસ્પર્શ વખતે ખૂબ આઘાત ન લાગે અને યાનની અંદર પણ બધું સલામત રહે. યાનની ગતિને શૂન્ય સુધી ઘટાડવા માટે હવાઈ છત્રીની મદદ લેવામાં આવે છે. ડ્રેગન યાનનું અવતરણ ફ્લોરિડાના સમુદ્રકિનારે થવાનું હતું ત્યાં ડૉલ્ફિનની વસાહત હોય તેમ લાગે છે. જ્યારે સુનીતાના ડ્રેગને સાગરમાં પડતું મૂક્યું ત્યારે ત્યાં ડૉલ્ફિનો વિહાર કરતી હતી. અચાનક થયેલી ખલેલને કારણે યાનની આજુબાજુની ડૉલ્ફિનો કૂદાકૂદ કરવા લાગી. ડૉલ્ફિનનું આ અનાયાસે કૂદવું એલોન મસ્ક અને આપણને સૌને સુનીતા અને બૂચના સ્વાગતમાં થતું સ્વાગતનૃત્ય લાગ્યું. સ્વાગતનૃત્ય પૂરું થતાં જ થોડી વારમાં સમુદ્રમાં તૈનાત બચાવટીમની નાની નાની બોટ પાણીમાં તરતા યાનની નજીક આવી અને તેને દોરડાથી બાંધી મુખ્ય બચાવ-જહાજ સુધી લઈ ગઈ. આ જહાજમાં હેલિપૅડ પણ છે. હળવેકથી યાનને (કૅપ્સ્યૂલને) મુખ્ય જહાજ ઉપર લીધું. સ્વાભાવિક છે કે યાન સમુદ્રના ખારા પાણીથી ભીંજાયેલું હોય, જેને ફુવારાથી ધોઈ નાખવામાં આવ્યું. યાનના પૃથ્વી પરના અવતરણને લગભગ ૪૫ મિનિટ થઈ ગઈ છતાં અંતરિક્ષયાત્રીઓ હજુ યાનની અંદર બંધનાવસ્થામાં જ હતાં. ડ્રેગન યાન અથવા તો આ પ્રકારના કોઈ પણ યાનને બે દરવાજા (Hatch) હોય છે. ઉપરની તરફના દરવાજાનો ઉપયોગ અંતરિક્ષમથક સાથે મિલન માટે કરવામાં આવે છે. યાનમાંથી અંતરિક્ષમથક પર આ દરવાજા દ્વારા આવનજાવન થાય છે. યાનનું અંતરિક્ષમથક સાથેનું મિલન ખૂબ જ ચોકસાઈ અને કૌશલ્ય માગી લે છે. આ દરવાજા સાથે સંવેદનશીલ ઉપકરણો ગોઠવેલાં હોય છે માટે જરૂર હોય તો જ આ દરવાજો ખોલવામાં આવે છે. બીજો દરવાજો બાજુમાં હોય છે જે બહારથી સહેલાઈથી ખોલ-બંધ થઈ શકે છે. અલબત્ત, આ દરવાજો પણ અંદરથી ખોલવો મુશ્કેલ હોય છે. અંતરિક્ષયાત્રાના પ્રારંભે પ્રક્ષેપણ મથક પર કે પછી યાત્રાના અંતે બચાવ-બોટ પર અંતરિક્ષયાત્રીઓના આવનજાવન માટે આ દરવાજાનો ઉપયોગ કરવામાં આવે છે.

યાનના અવતરણના લગભગ એક કલાક પછી બીજો દરવાજો બહારથી ખોલવામાં આવ્યો. સૌ પહેલાં ડૉક્ટરે અંદર જઈને યાત્રીઓના સ્વાસ્થ્યની તપાસ કરી. ત્યારબાદ એક પછી એક અવકાશયાત્રીઓ બહાર આવ્યા. લાંબા સમય સુધી શૂન્ય ગુરુત્વમાં રહેવાને કારણે તેમને ટેકાની જરૂર પડી અને તેમને સ્ટ્રેચર પર આગળ લઈ જવામાં આવ્યાં. લગભગ દોઢ મહિના તેઓ પુનર્વસનનો અભ્યાસ કરશે અને ત્યારબાદ સૌને મળી શકશે.

માત્ર આઠ દિવસ માટેના ખાસ પ્રકલ્પ માટે અંતરિક્ષમાં ગયેલાં અંતરિક્ષયાત્રીઓની સાથે સાથે વિજ્ઞાનીઓ અને સમગ્ર વિશ્વની આ તો જાણે કે એક કસોટી જ થઈ ગઈ. અગ્નિપરીક્ષાની સમકક્ષના આ અનુભવમાંથી સાંગોપાંગ બહાર પડેલા આ અંતરિક્ષ-વીરોએ પોતાની ધીરજ, કુનેહ અને શાંતિનો પરિચય વિશ્વને આપી દીધો. કંઈક અનોખું પરિણામ મેળવવું હોય તો પોતાનું સર્વસ્વ ખુશીથી આપી દેવું પડે એ આ અંતરિક્ષમિત્રોએ સાબિત કરી દીધું. જીવનમરણના ખેલને હાથતાળી દઈને આવેલા મક્કમ મનોબળના - સહનશીલ અંતરિક્ષયાત્રીઓને સમસ્ત માનવજાત વતી ખૂબ ખૂબ અભિનંદન, શુભેચ્છાઓ અને સલામ!

**- ચિંતન ભટ્ટ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# ઓહ ! એક નાટકે સર્જ્યું કેવું મહાનાટક !



ચંદ્રવદન મહેતા એટલે મુક્ત હવા. તેમનાં વર્તન, વ્યવહાર અને વાતચીતમાં, તેમનાં નાટકોમાં અને ભજવણીમાં એક વિશિષ્ટ પ્રકારની મુક્તતા હતી. એ મુક્તતાએ એમની પાસે રૂઢિભંજક નાટકો લખાવ્યાં. કિસમકિસમનાં પચરંગી પાત્રોનું સર્જન કરાવ્યું. રૂઢિચુસ્ત સમાજને આઘાત આપે એવાં દૃશ્યો રજૂ કરાવ્યાં અને વિભિન્ન નાટ્યશૈલીઓના પ્રયોગો કરાવ્યા.

રંગભૂમિ, સાહિત્ય અને નાટકનાં ક્ષેત્રે વીસમી સદીના પૂરા નવ દાયકા ભરીને તેઓ જીવ્યા. ચંદ્રવદન મહેતાના 'ધારાસભા' નાટકે વિવાદનો ભારે વંટોળ જગાવ્યો હતો. અહીં એ વિશેની વિગતો અને એને લગતી બે અપ્રસિદ્ધ નોંધનું એમની જન્મજયંતી(૬ એપ્રિલ)એ સ્મરણ થાય છે. શ્રી ચંદ્રવદન મહેતાના 'પ્રેમનું મોતી અને બીજાં નાટકો' નામના નાટ્યસંગ્રહમાં મળતું 'ધારાસભા' નાટક વાસ્તવિક દુનિયામાં એક ઝંઝાવાતી નાટક સર્જી જાય છે. 'ધારાસભા' એ પ્રધાનોની રીતભાત બતાવીને એના પર ટીકા કરતું શ્રી ચંદ્રવદન મહેતાનું પ્રહસન છે.

સૌરાષ્ટ્રના ધ્રોળ ગામમાં શાળાના વિદ્યાર્થીઓએ આ નાટક ભજવ્યું અને બંધબેસતી પાઘડી પહેરી લેવામાં આવે તેમ આ નાટક ભજવાયા પછી વાતનું ભારે વતેસર થયું. એ નાટક ભજવનારા ધ્રોળના વિદ્યાર્થી દિગ્વિજય જાડેજાએ ૧૯૫૨ની ૨૯મી એપ્રિલે ચંદ્રવદન મહેતાને પત્ર લખ્યો અને એમાં આ નાટકથી કેવા કેવા છબરડા વળ્યા, તેની વાત કરી.

સ્કૂલના વિદ્યાર્થી દિગ્વિજય જાડેજાએ ચંદ્રવદન મહેતાને લખેલો પત્ર અને ચંદ્રવદન મહેતાએ આ અંગે કરેલી નોંધ મૂકીએ છીએ. ધ્રોળના ગોવિંદ ભવનમાં રહેતા વિદ્યાર્થી દિગ્વિજયસિંહ જાડેજા લખે છે,

'એ 'ધારાસભા' નાટક અમે ભજવ્યું ત્યારે તેનાં ગંભીર પરિણામોનો અમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. અહીંના સ્થાનિક કાર્યકરોએ એ નાટક પાછળ એક મોટું ધાંધલ મચાવ્યું. તેમના મત પ્રમાણે આ નાટકમાં સૌરાષ્ટ્રના પ્રધાનમંડળની ટીકા હતી, અરે, ખુદ એ કાર્યકરોની પણ ટીકા હતી. આપ જાણો છો એ પ્રમાણે 'ધારાસભા'માં ભાણાભાઈ, ડાહ્યાભાઈ, વોહરા પ્રમુખ, ડૉક્ટર વગેરે પાત્રો છે. યોગાનુયોગ આ નામનાં પાત્રો અમારા આ નાના ગામમાં પણ છે!

'આપના નાટકમાં ભાણાભાઈ (cousin) છે તો આ લોકોએ તેનો સાહિત્યિક અર્થ લઈ તેને વ્યક્તિના નામ તરીકે ઘટાવ્યું; અને એ નામના કાર્યકર અમારા ગામમાં છે

પણ ખરા ! બીજા ડાહ્યાભાઈ નામના એક કાર્યકર છે અને વિશેષમાં નાટકમાં ભાણાભાઈને કાંટો કેમ વાગ્યો તેને માટે નિમાયેલ તપાસ સમિતિના પ્રમુખની વાત છે - અહીં આ ગામના પ્રજામંડળના ઉપપ્રમુખ એક વોહરા સદ્‌ગૃહસ્થ હતા અને તેમણે પરાણે બંધબેસતી ટોપી ઓઢી લીધી અને આમ સાંકળના છેડા મળી ગયા. આવો અર્થ દસથી પંદર વર્ષ પર લખાયેલ એક નિર્દોષ નાટકમાંથી તારવવામાં આવશે એનો અમને જરા પણ ખ્યાલ નહોતો અને ન હોય તે સ્વાભાવિક છે.'

'સૌથી વિશેષ તરખાટ (છાપાનું ગુજરાતી વાપરું તો) પ્રધાનના પાત્રે મચાવ્યો. આ નાટકમાં ઈરાદાપૂર્વક સૌરાષ્ટ્રના પ્રધાનોની ટીકા કરવામાં આવી હતી એવો આક્ષેપ થયો. સૌરાષ્ટ્રના પ્રધાનમંડળના જન્મ પહેલાં આ નાટક લખાયું હતું. અમે અક્ષરશઃ, વસ્તુ પ્રત્યે વફાદાર રહી તે રજૂ કર્યું હતું એ કોઈએ ન સાંભળ્યું. નાટકની ઓળખાણમાં આપ જણાવો છો તે પ્રમાણે જગતના બંધારણવાદ પ્રત્યે આ નાટકમાં કટાક્ષ છે, તે કોઈ સમજાવવા છતાં ન સમજી શક્યું. આ નાટકનું વસ્તુ universally applicable તે કોઈએ ન સાંભળ્યું અને પરિણામ વિષમ આવ્યું.

'આ નાટક ભજવવામાં મદદ કરનાર બે શિક્ષકોની તાત્કાલિક અહીંના એક કાર્યકરે બદલી કરાવી. એક શિક્ષક ડબલ ગ્રૅજ્યુએટ છે, એક ગુજરાતીના શિક્ષક હતા અને બીજા સાયન્સના અન્ડરગ્રૅજ્યુએટ છે. આ યુવાન શિક્ષકો વિદ્યાર્થીપ્રિય હતા, હેડમાસ્ટરને તેમનું શાળાનું કામ સંતોષકારક લાગતું હતું. આ શિક્ષકોને કકડાવીને ઠપકો આપવામાં આવ્યો, હેડમાસ્તરને ટકોર કરવામાં આવી, અને આવી કહેવાતી સરકાર વિરુદ્ધની પ્રવૃત્તિ કરવા બદલ શિક્ષકોને દશ રૂપિયા દંડ થયો. તેમણે કરેલો બચાવ કોઈએ સાંભળ્યો નહીં. આમાંના પહેલા શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવ્યા, તેમણે તેમની જગ્યાનું રાજીનામું આપી દીધું છે. તેમણે બચાવઅરજીમાં જણાવ્યું હતું કે ઇંગ્લૅંડમાં ૧૮મી સદીમાં જેટલું વાણીસ્વાતંત્ર્ય હતું, તેટલું આજે ૨૦મી સદીમાં અહીં નથી ! આ શિક્ષકોની ફેરબદલીના વિરોધમાં અમે એક દિવસની પ્રતીક હડતાળ પાડી, મુખ્ય વિદ્યાધિકારીને મળ્યા, સમૂહ અરજીઓ કરી, પરંતુ હુકમ ફેરવાયો નહીં.

'આટલેથી વાત ન અટકી : આ નાટકને પ્રધાનોની જાહેર રીતે મશ્કરી કરી હલકા પાડવાનું રાજકીય કાવતરું કહેવામાં આવ્યું. અમે એ ભૂલ કરી કે પ્રધાનને ખાદીનાં કપડાં પહેરાવ્યાં - પહેલાં અંગ્રેજી સૂટનું નક્કી હતું - પણ પાછળથી વસ્તુને 'લૉજિકલ કલર' આપી વધુ ચોટદાર બનાવવા માટે ખાદી પહેરાવી. (આને જોકે ભૂલ કહેવી મુશ્કેલ છે) બીજી વાત એ કે ધ્રોળના ઠાકોરસાહેબને અમારા ગામના ચૂંટાયેલા પ્રતિનિધિ તેમજ એક અગ્રગણ્ય નાગરિક તરીકે બીજા ગૃહસ્થો સાથે આમંત્ર્યા હતા. પાછળથી આ નાટક અંગે પોલીસખાતાએ તપાસ હાથ ધરી હતી. એમાં મને પૂછવામાં આવ્યું હતું કે નાટકના પાત્ર પ્રધાને પહેરેલાં ખાદીનાં કપડાં ક્યાંથી મેળવ્યાં ?

'માનનીય મુખ્યપ્રધાનશ્રી ઢેબરભાઈ તેમજ નાણામંત્રીશ્રી કોટકને મળીને આ પ્રશ્ન સમજાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ નાટકના બીજા અર્થનો ઇનકાર કરીને કહ્યું કે લેવાયેલ નિર્ણય બરાબર છે.

'અને આ નાટક 'ધારાસભા'ના ઇતિહાસનું છેલ્લું પ્રકરણ સુપ્રીમ કોર્ટમાં રજૂ થયું છે. રિજિયોનલ કમિશનરે, ના. રાજપ્રમુખશ્રીએ તેમજ મુખ્યપ્રધાનશ્રીએ આ નાટકના

કાર્યક્રમમાં હાજર રહેવા અંગે ધ્રોળનરેશ પાસેથી ખુલાસા માગ્યા હતા. ધ્રોળનરેશે સુપ્રીમ કોર્ટમાં કરેલ અરજીનો અહેવાલ મુંબઈના દૈનિક 'મુંબઈ સમાચાર' તેમજ રાજકોટના દૈનિકોમાં આવ્યો છે. તેમાં આપના નાટકનો નીચે મુજબ રેફરન્સ છે : ''એ પત્ર તેમણે (શ્રી ઢેબરે) મને તા. ૨૯ ઑગસ્ટ, ૧૯૪૯ના રોજ લખ્યો હતો. જેમાં શ્રી ચં. ચી. મહેતાલિખિત એક નાટક જે વિદ્યાર્થીઓએ ભજવ્યું હતું અને જેમાં મેં એક આમંત્રિત મહેમાન તરીકે હાજરી આપી હતી.'' વગેરે

'એક નાટક કેટલા માણસોના રોજિંદા જીવનમાં પલટો કરી શકે છે તેમજ ગેરસમજણથી કેટલી અવ્યવસ્થા મચી જાય છે તેનો આ સઉદાહરણ પુરાવો છે. સ્થાનિક કાર્યકરોનું પ્રધાનોએ પૂરતી તપાસ કર્યા વિના કેટલે અંશે માનવું તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એક ખાતું કેટલું જડ અને એકપક્ષીય બની શકે છે અને જેને રાજીનામું આપવું પડેલ છે તે શિક્ષકનું શું ? અહીંના કાયમી વસવાટવાળા શિક્ષકની બદલી કેટલી મુશ્કેલી ઊભી કરે છે તેનો ખ્યાલ ઘણાને નથી આવતો.

અમારા હેડમાસ્તરસાહેબે આપના એ પુસ્તકને લાઈબ્રેરીના લિસ્ટમાંથી કાઢી નાખ્યું છે અને એ પુસ્તક વાંચવા માટે માગતા શાળાનો કારકુન કહે છે કે, 'એ તો ઝેર છે' ! અત્યારે તો ડુંગર જેવું સત્ય તરણા ઓથે છુપાયું છે, પણ 'ડુંગર કોઈ દેખે નહીં' તેનું શું ?

'આપનો સમય લેવા બદલ માફી ચાહું છું, આપને આ સમાચાર કઈ રીતે ઉપયોગી બનશે તેની મને ખબર નથી. પરંતુ આપની કૃતિ 'ધારાસભા' આ રીતે કેટલી મહત્ત્વની બની ગઈ છે તે જણાવવાની ઇચ્છા ન રોકાતાં આ પત્ર લખ્યો છે.

- આપનો આજ્ઞાંકિત વિદ્યાર્થી દિગ્વિજય જાડેજા'

આ નાટક વિશે ચંદ્રવદન મહેતા લખે છે કે એમની નોકરીના આખરના તબક્કામાં બનેલા આ કિસ્સા અંગે આકાશવાણીમાં કામગીરી કરતા ચંદ્રવદન મહેતાની સામે અઢી વર્ષથી કાગળ પર કામગીરી ચાલતી હતી. તેઓ નોંધે છે –

'મારે પક્ષે મને દિલ્હીથી અમારા ડાયરેક્ટર જનરલસાહેબ તથા આઈ. એન. બી. મિનિસ્ટરીના સેક્રેટરીસાહેબે ધડાધડ ટેલિફોન ઉપર ખુલાસાઓ માંગવા માંડ્યા ત્યારે આની પહેલી જાણ થઈ : એમાં કોઈ ગુજરાતી નહીં, ગુજરાતી જાણે નહીં, એમાં ગુજરાતી સાહિત્ય સાથે એમને કોઈ સ્નાનસૂતક નહીં તેવા પૂછે છે : 'સી.સી., શા માટે તમે આ નાટક લખ્યું ? કોની રજાથી લખ્યું ? ધ્રોળ મહારાજા પાસેથી કેટલા પૈસા લીધા ? અમને એની નકલ કેમ ન મોકલી ? પ્રકરણ લંબાતું રહ્યું. એ સાહેબોને મેં અપાય એટલા સાચા જવાબો આપ્યા, પણ એમની તો એક જ વાત હતી કે ''નોકરી જશે, ઘડપણનું પેન્શન અટકશે.''

'એ પછી હું રાજકોટ ગયો અને શ્રી ગિજુભાઈ કોટક, જૂના 'અખો' નાટકમાંના સાથીદારને મળ્યો, પછી સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબરને મળ્યો.

'ટૂંકમાં, ઢેબરભાઈ સાથેનો મારો પરિચય પણ નવો નહોતો. ૧૯૩૪ કે '૩૬માં મુંબઈ યુનિવર્સિટીમાં મૅટ્રિકના અંગ્રેજી પેપરમાં પ્રિન્સિપાલ હેમિલે આપેલા ૧૫-૧૬ ટકા પરિણામની ઝુંબેશ આખા ગુજરાતમાં ચાલેલી. તે સમયે અમારા નેતા યુસુફ

મહેરઅલી, અ. સૌ. શારદાબહેન મહેતા, શ્રી કે. ટી. શાહના નેતૃત્વ નીચે રાજકોટમાં શ્રી ઢેબરભાઈને ત્યાં એમના વકાલતના દફતરમાં ચાપાણી પીધેલાં, અને સભા નિયોજન કરી, એમણે પણ ભાષણ કર્યું હતું, તે બધું યાદ દેવડાવી મેં એમને બધી વિગતો સમજાવવા માંડી, પણ મારી દલીલ ઉપરાંત શ્રી કોટક મિત્રની દલીલના જવાબમાં એમનો એક જ જવાબ - અમારા ચીફ સેક્રેટરી શેષનાગન(કે એવા જ કોઈ નામના દક્ષિણ હિંદીના નાગશેષન હતા તે)નો રિપોર્ટ સાચો છે. તમે અમારી ઠેકડી જ ઉડાવી છે. આમાં તો જે કાયદેસર હશે તે જ થશે, જાઓ.'

'ફાઈનાન્સ મિનિસ્ટર કોટકસાહેબનું ન વળ્યું, ત્યાં આ 'ઉદ્ધત વગર સમજ્યે નાટકલેખક'નું શું વળે ? આમ, મારું પેન્શન જોખમાયું.

'પણ ક્યાંક કરેલાં પુણ્ય ફળ્યાં. અમદાવાદમાં મારી ઉપર મિનિસ્ટરોની સરકારી ટેલિફોન ઘંટડીની રણકાર તડાતડી ચાલતી, એમાં એકાએક, મીઠી વીરડી જેવો એક સાદ સંભળાયો. ''ચંદ્રવદન ! ઓળખો છો ને ? હું મોતીલાલ સેતલવડ બોલું છું.'' ત્યારે દિલ્હીમાં મોતીલાલ સૉલિસિટર જનરલ, દેશાભિમાની સજ્જન. એમના પિતા સર ચિમનલાલ સેતલવડની હયાતીના સમયથી ઓળખું. અમારા મુરબ્બી જેવા અને પ્રખ્યાત કાયદાશાસ્ત્રી. 'આઈ. એન. એ.' સુભાષબાબુ સાથે લડાઈ કરનાર મિલિટરી જનરલોને કોર્ટમાર્શલમાંથી ઉગારી લાવનાર સ્વ. ભૂલાભાઈ દેસાઈના અવસાન સમયે આકાશવાણી પરથી એમને અંજલિ આપવા અમે સર ચિમનલાલને વિનંતી કરવા ગયેલા, અને એમણે તરત કોર્ટમાં જતાં અગિયાર વાગે સ્ટુડિયો પર આવી અત્યંત સૂચક લાગણી થકી ભરપૂર અંજલિ રેકૉર્ડ કરાવી, ત્યારથી એ કુટુંબ સાથે સંબંધ સારો એટલે મોતીભાઈ મને સારી રીતે ઓળખે. એ કહે, ''ચન્દ્રવદન, તમારી મૂંઝવણ હું સમજું છું. મિનિસ્ટરીના અધિકારીઓ તરફથી તમારા પર ઝડી વરસતી હશે. કશાના જવાબ ન આપતા. કશું લખી પણ નહીં મોકલતા, કેવળ ચૂપકીદી પાળજો.''

પ્રકરણ લાંબું ચાલ્યું. શ્રી મોતીલાલ સેતલવડ સાથે જસ્ટિસ હીરાલાલ કણિયા. બંનેએ ૧૯૩૪-'૩૫માં માઈ ઓન સ્કૂલમાં ખારમાં આ નાટક ભજવાતું જોયેલું. સ્વ. સર ચુનીલાલ મહેતાની સૌથી નાની દીકરી તે જસ્ટિસ કણિયાનાં ધર્મપત્નીનાં બહેન, એ ફેલોશિપ શાળામાં મૅટ્રિકમાં આ નાટક ટેક્સ્ટબુકમાં ભણેલાં - એવી એવી વિગતોથી એ બંને વાકેફગાર, તે ટૂંકમાં શ્રી મોતીલાલે રાજકોટ તેમ જ મધ્યસ્થ સરકારને ઉપરની હકીકત જણાવી. ''આના લેખક સામે જો કોઈ આરોપ મુકાશે, તો એનો બચાવપક્ષ મારે હાથ ધરવો પડશે.'' એમ લખી, એને 'ટેમ્પેસ્ટ ઇન એ ટી-પૉટ' કહી આ એક ઠીક પ્રહસનનું પ્રહસન રાજકોટની સરકારે ઊભું કરી આપ્યું છે, એવી મીઠી ટકોર પણ કરી. કેસ તો સુપ્રીમ કોર્ટમાં ઊડી ગયો. મહારાજા ધ્રોળ બચી ગયા. મારું પેન્શન બચી ગયું. દુઃખની વાત તો એટલી કે ત્યારબાદ ઢેબરભાઈ મળ્યા, તે કહે, ''ચન્દ્રવદન ! તમારે મને પહેલેથી કહેવું તો હતું ?'' ત્યારે મેં નાટકને કારણે નોકરી પરથી છૂટા કરાયેલા ધ્રોળની નિશાળના શિક્ષકો વિશે સિફારસ કરી, પણ તે અમલમાં ન મુકાઈ, રાજ શેષનાગનોનું ચાલતું હતું !

**- કુમારપાળ દેસાઈ**

# ડોનાલ્ડ ટ્રમ્પનું વ્યાપારયુદ્ધ

નવેમ્બર,૨૦૨૪માં ચૂંટણીમાં જીત મેળવીને બીજી વાર અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી ડોનાલ્ડ ટ્રમ્પે સ્વીકારી ત્યારથી વિશ્વના દેશોમાં અગાઉ કદી ન અનુભવ્યો હોય તેવો ફફડાટ વ્યાપી ગયો છે. ૨૦૧૬ની ચૂંટણીમાં જીત, ૨૦૨૦ની ચૂંટણીમાં હાર અને ૨૦૨૪ની ચૂંટણીમાં જીત. આમ ત્રણ વખત પ્રમુખની ચૂંટણી લડનાર ડોનાલ્ડ ટ્રમ્પ એક અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. અમેરિકામાં અશ્વેતોનો પ્રભાવ વધતો જાય છે અને ડેમૉક્રેટિક પાર્ટી તેનો મતબૅન્ક તરીકે ઉપયોગ કરે છે, તેવી સ્થિતિમાં રૂઢિવાદને મજબૂત કરવા માટે ટ્રમ્પે 'મેગા' (MEGA) 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'નું સૂત્ર વહેતું મૂક્યું. શ્વેત પ્રજામાં જે પરંપરાવાદી છે અને જેઓ પોતાનું પ્રભુત્વ હોવું જોઈએ તેવી દૃઢ માન્યતા ધરાવે છે, તેઓ ટ્રમ્પના કટ્ટર સમર્થક છે. અમેરિકાને ફરી મહાન રાષ્ટ્ર બનાવવામાં ટ્રમ્પના મતે ત્રણ બાબતો અવરોધરૂપ છે :

(૧) મેક્સિકો, લૅટિન અમેરિકા, કૅનેડા, ભારત અને અન્ય દેશોમાંથી ગેરકાયદે ઘૂસીને ધંધો-નોકરી કરતા માણસોને ટ્રમ્પ વિદેશી નહીં, પણ પરગ્રહવાસીઓ (Aliens) તરીકે વર્ણવે છે. એક અંદાજ મુજબ અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરનારાની સંખ્યા ૧.૧ કરોડ આસપાસ હોવાની ધારણા છે.

(૨) સરકારી આવક-ખર્ચના અસંતુલનને કારણે રહેતી મોટી નાણાકીય ખાધ, અમેરિકાનાં છેલ્લાં ૫૦ વર્ષોના બજેટોમાં માત્ર ચાર બજેટો પુરાંતવાળાં હતાં, પરંતુ ૪૬ બજેટો ખાધવાળાં હતાં. ૨૦૨૪માં અમેરિકન સરકારની આવક ૪.૭૨ ટ્રિલિયન ડૉલર્સની હતી, જે સામે ખર્ચ ૬.૭ ટ્રિલિયન ડૉલર હતો. આના કારણે ૧.૮૩ ટ્રિલિયન ડૉલરની ખાધ હતી. આ રકમ આપણા દેશની પ્રજાની કુલ આવક કરતાં અર્ધી હતી.

(૩) અમેરિકાની જંગી વ્યાપાર ખાધ : આર્થિક રીતે સૌથી સંપન્ન દેશ અમેરિકાએ અનેક દેશોને તેમને ત્યાં માલ વેચવામાં સવલતો અને છૂટછાટ આપી છે. ચીને આનો સૌથી વધુ લાભ ઉઠાવ્યો છે. ૧૯૭૪માં હેનરી કિસિંજરની ચાઈના પૉલિસી ચીન માટે તો ઝડપી વિકાસનું સૌથી મોટું ચાલક બળ બન્યું હતું. આ સાથે ૧૯૭૪ બાદ ગોલ્ડ સ્ટાન્ડર્ડને લગભગ તમામ દેશોએ દેશવટો દેતાં મોટા ભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર અમેરિકી ડૉલરના માધ્યમથી થાય છે.

અનેક દેશોનાં વિદેશી હૂંડિયામણોની અનામત પણ ડૉલરમાં રોકાયેલી છે. આ કારણે ડૉલર એક આંતરરાષ્ટ્રીય ચલણનું સ્થાન મેળવી શક્યું છે. વિશ્વમાં ડૉલરની સતત વધતી જતી માંગને કારણે અમેરિકા માટે ઉછીનાં નાણાં મેળવવામાં કોઈ મુશ્કેલી નથી. આજે અમેરિકાની ફેડરલ સરકાર ઉપર કુલ દેવું ૩૩ ટ્રિલિયન ડૉલર જેટલું છે. અમેરિકાની કુલ ઘરેલુ આવક (જી.ડી.પી.) ૨૭ ટ્રિલિયન જેટલી છે. આમ જી.ડી.પી. અને દેવા વચ્ચેનો અનુપાત ૧૨૩ ટકા જેટલો છે. બીજા શબ્દોમાં ૧૦૦ ડૉલરની વાર્ષિક આવક સામે ૧૨૩ ડૉલરનું દેવું અમેરિકાની સરકારના માથે છે.

આ જટિલ સમસ્યાઓના ઉકેલ માટે ટ્રમ્પ ખૂબ અધીરા છે, તેઓ જિદ્દી છે અને તેના વિચારો પ્રમાણે અન્ય દેશો ન ચાલે તો તે અમેરિકાની તાકાતના જોરે તેમને ખુલ્લી ધમકીઓ આપવામાં કોઈ સંકોચ અનુભવતા નથી. ગેરકાયદે ઘૂસેલા માણસોને વીણી વીણીને જેલમાં પૂરીને યાતનાઓ સાથે હાથકડી અને પગે બેડીઓ સાથે તેમના વતન રવાના કરી રહ્યા છે. અમેરિકાની વેપાર ખાધ માટે વિદેશવ્યાપારમાં જે દેશોની પુરાંત છે તેમને અમેરિકી માલસામાન પર આયાતશુલ્કમાં ઘટાડો અથવા તો અમેરિકી સરકાર તમારા દેશ જેટલું જ શુલ્ક તમારા આયાત થતા માલસામાન પર નાખશે.

ટ્રમ્પની 'જેવા સાથે તેવા' થવાની નીતિ અનુસાર તેમણે સત્તા સંભાળતાંની સાથે પોતાના બે મહત્ત્વના પાડોશી દેશો કૅનેડા અને મેક્સિકોથી અમેરિકામાં આવતા માલસામાન પર ૨૫ % ડ્યૂટી નાખવાનો હુકમ કર્યો. જોકે થોડી વિચારણા બાદ તે હુકમ હાલ તો મુલતવી રાખ્યો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટ્રમ્પ સાથેની મુલાકાતના થોડા કલાકો પહેલાં જ ટ્રમ્પે 'આયાતો' પર અરસપરસના ધોરણે ડ્યૂટી નાખવાનો સૌ દેશોને લાગુ પડતો આદેશ કર્યો. તેનો અમલ અન્ય દેશોની સાથે વ્યાપાર મંત્રણા પછી કરવાનો રહેશે તેમ જાહેર કર્યું. ડોનાલ્ડ ટ્રમ્પ ચોખ્ખું કહે છે કે જે દેશ અમારા માલ પર જેટલા ટકા ડ્યૂટી નાખશે, તેના તે માલ પર અમેરિકા તેટલી જ કસ્ટમડ્યૂટી નાખશે. ઉપરાંત એ દેશોએ અમેરિકા સાથેનો વ્યાપાર સરભર રહે તે માટે કાર્યવાહી કરવી પડશે અન્યથા તેના તમામ માલસામાન ઉપર અમેરિકા ૨૫ % ડ્યૂટી નાખશે.

ટેરિફ સામે ટેરિફ, વ્યાપાર ખાધ સામે વધારાની ટેરિફ અને અમેરિકાને અનુકૂળ ન આવતા દેશોના લોકો માટે કડક વિસા નિયંત્રણો અને ગર્ભિત યુદ્ધની ધમકી સાથે પોતાની વાત મનાવવા માટે ટ્રમ્પે એક એવા વ્યાપારયુદ્ધનો આરંભ કર્યો છે કે તેના કારણે સમગ્ર વિશ્વનું અર્થતંત્ર ડામાડોળ થયું છે. બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન સાથે બનેલા બ્રિક્સના દેશોએ ડૉલર સામે અન્ય વૈકલ્પિક ચલણ શરૂ કરવાનો વિચાર કર્યો છે. તે સામે ટ્રમ્પની ધમકી, 'જો કોઈ દેશ ડૉલર સામે બીજી કરન્સી ઊભી કરશે તો તેવા દેશો સામે અમેરિકા ૧૦૦ ટકા ડ્યૂટી નાખશે.' મુક્તવ્યાપાર, માનવ-અધિકારોની દુહાઈ આપીને પોતાને દુનિયાના શ્રેષ્ઠ નીતિમાન દેશ દર્શાવતું અમેરિકા ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ સાવ છેલ્લે પાટલે જઈને બેઠું છે. તેનો મકસદ એક જ છે કે દરેક કાર્યવાહી અમેરિકાના હિતમાં જ થવી જોઈએ. બીજા દેશો તેમના મિત્ર હોય કે શત્રુ હોય, તેમ તેની સાથે સમાન વર્તન કરવામાં ટ્રમ્પ જરા સરખો ક્ષોભ અનુભવતા નથી.

પનામા દેશ માટે અમેરિકાએ પૅસિફિક અને આટલાન્ટિક સમુદ્રોને જોડતી કૅનાલ બાંધી છે. તેનો વહીવટ પનામાને સોંપ્યાને વર્ષો વીતી ગયાં, પણ આ નહેરનું સંચાલન પનામા અમેરિકાના હિત વિરુદ્ધ કરે છે, આથી હવે તે પનામા ખાડી 'અમેરિકી ખાડી' તરીકે ઓળખાશે અને અમેરિકા ગમે ત્યારે બળજબરીથી તેનો વહીવટ સંભાળી લેશે. ટ્રમ્પને બીજા દેશોનું સાર્વભૌમત્વ સ્વીકાર્ય નથી. અમેરિકાને મહાન બનાવવા માટે અને તેના આર્થિક ફાયદા માટે ટ્રમ્પ તમામ ધારાધોરણો બાજુએ મૂકવા માગે છે. ટ્રમ્પ

દ્વારા યુક્રેન-રશિયા યુદ્ધ અને હમાસ-ઈઝરાયેલ યુદ્ધોના અંત માટે જે દરખાસ્તો સામે આવી છે તે જાણીને સૌ આશ્ચર્યચકિત રહી ગયા છે. ટ્રમ્પની ઈચ્છા ગાઝા પટ્ટીમાંથી તમામ આરબોને હટાવી ત્યાં અમેરિકી આધિપત્ય હેઠળ અતિ સુંદર અને વૈભવી પ્રવાસ સ્થળ વિકસાવવાની છે.

યુક્રેનને યુદ્ધમાં આક્રમણકારી જાહેર કરી તેના ઠરાવમાં ત્રણેય મહાસત્તાઓ અમેરિકા, ચીન અને રશિયા એક થઈને યુક્રેનનો ઘડોલાડવો કરી નાખવા તૈયાર થયા છે. ટ્રમ્પે યુક્રેનને ૧૩૪ બિલિયન ડૉલરની લશ્કરી સહાય સામે પાંચસો બિલિયનનાં દુર્લભ ખનીજો અમેરિકાને સુપરત કરવા કહ્યું છે. રશિયાના પુતિને કબજે કરેલ યુક્રેનના પ્રદેશમાંથી અમેરિકા આ મૂલ્યવાન ખનીજો ભલે લઈ લે, ત્યાં સુધી સહમતી આપી છે. પુતિનને ગમે તે ભોગે યુદ્ધ બંધ કરાવવું છે. ચીને આફ્રિકાના અનેક દેશોને લોન આપીને ત્યાંના ખનીજો પર પોતાનું નિયંત્રણ સ્થાપ્યું છે. ટ્રમ્પની આર્થિક અને વ્યાપારી નીતિઓ યુદ્ધનો એક નવો પ્રકાર છે. ૭ટ્રમ્પની ધમકીઓ વાંચીએ ત્યારે કોઈ અપહરણકર્તા અપહ્યત વ્યક્તિના પરિવાર પાસેથી જેમ ખંડણી માંગતા હોય તેમ ટ્રમ્પ પોતાનાં વ્યાપારિક હિતો સાકાર કરવા તમામ પરંપરાનો અનાદર કરીને પોતાનું ધાર્યું કરાવવા કૃતનિશ્ચયી છે.

હવે પ્રશ્ન એ છે કે અમેરિકાને ફરી મહાન બનાવવાના ધ્યેયને વરેલા ટ્રમ્પ આડકતરી રીતે ત્રણ બાબતો સ્વીકારે છે : (૧) અમેરિકા શક્તિશાળી છે, પણ તેનો પ્રભાવ ઘટતો જાય છે. (૨) અમેરિકાની વિદેશવ્યાપારની ખાધ નિવાર્યા વિના અમેરિકાના અર્થતંત્ર પર મોટું જોખમ રહેલું છે. (૩) અમેરિકી સરકારની નાણાકીય ખાધના કારણે દેવું વધે છે, રોજગારી ઘટી છે અને અમેરિકા આર્થિક પતનની કગાર પર પહોંચ્યું છે. આ માટે અમેરિકાની અગાઉની સરકારોની ભૂલભરેલી નીતિઓ જવાબદાર છે તેમ માનીને તે રદ કરે કે તેમાં ફેરફાર કરે તે વાત તો સમજી શકાય, પણ અમેરિકાના અર્થતંત્રને મજબૂત કરવામાં અન્ય તમામ દેશોને અમેરિકાના તાલે નચાવવાના ટ્રમ્પના પ્રયાસો જોખમી છે. ટ્રમ્પ જે રીત સાથી મિત્ર કે શત્રુ દેશ સાથેના સંબંધોનો ઈતિહાસ જોયા વિના ટેરિફ અને વ્યાપારિક નિર્ણયોમાં દાદાગીરીનું તત્ત્વ ઉમેરે છે, ત્યારે ગુજરાતી કવિતાની પંક્તિ યાદ આવે છે. 'ઝાઝાં નબળાં લોકથી કદી ન કરીએ વેર, કીડી કાળા નાગનો પ્રાણ હરે તે પેર.'

દરેક દેશને છંછેડીને, તેને પોતાના હિત વિરુદ્ધ વર્તવાની ફરજ પાડતા ટ્રમ્પના આ ઉધામા 'નૂતન આર્થિક સંસ્થાનવાદ'નું કદરૂપું સ્વરૂપ ઉજાગર કરે છે. અમેરિકા તમામ જોડે પોતાના ખ્યાલો પ્રમાણે એકપક્ષીય વહીવટ કરશે તો અમેરિકાને એકલું પડી જતાં વાર નહીં લાગે. એક હાર પામ્યા બાદ જ્વલંત વિજય મેળવનાર ટ્રમ્પને ઘણી ઉતાવળ છે. તેમની સમજણ કે તેના અભાવના આધારે તે વ્યાપારયુદ્ધ જારી રાખશે તો દુનિયામાં અંધાધૂંધીનો માહોલ ફેલાશે. તમામ આર્થિક કારોબારોમાં અનિશ્ચિતતા, નિરાશા અને એકહથ્થુ નિર્ણયોના કારણે દરેક દેશમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ટ્રમ્પ દ્વારા ટેરિફને શસ્ત્ર તરીકે વાપરવાનો નિર્ણય અમેરિકાને પણ નડશે તેવો તજ્જ્ઞોનો મત અવગણી શકાય નહીં.

**(અનુસંધાન ૧૮મા પાને)**

# ખાઓ, પીઓ અને જલસા કરો !

કાળઝાળ ઉનાળાની એક સવારે અગિયાર વાગ્યાના સુમારે એક મિત્ર પરસેવો લૂછતાં લૂછતાં પધાર્યા. કહે, 'આજે મલાઈ વગરના દૂધની ચા નહિ, પણ મલાઈથી ભરપૂર આઇસક્રીમ ખાવો છે - મગાવો.' મિત્ર હકપૂર્વક આઇસક્રીમ માગી શકે એટલા નિકટના મિત્ર છે. એમના પૈસા મારા પૈસા હોય એ જ રીતે મેં વાપર્યા છે અને એમણે અત્યંત ઉમળકાથી વાપરવા દીધા પણ છે. આમ છતાં, વજન ઓછું કરવા કડક પરેજી પાળતા - ડાયેટિંગ માટે લગભગ 'ડાઈ' થવા સુધી 'ઈટિંગ' તજનાર આ મિત્ર આજે આઇસક્રીમ માગી રહ્યા હતા તેથી મને ઘણી નવાઈ લાગી.

'નવાઈ ન પામશો. મારા મગજને કશું નુકસાન થયું નથી - ઊલટું મારા મગજમાં ઈચ્છવાયોગ્ય સુધારો થયો છે. આજથી ડાયેટિંગ-બાયેટિંગ બંધ ! બસ, ખાઓ, પીઓ અને જલસા કરો.' મિત્રએ કહ્યું.

'પણ કેમ ? કેમ ?' પાકિસ્તાન ત્રાસવાદી પ્રવૃત્તિ બંધ કરે એ જેટલું અશક્ય છે એટલું જ મિત્ર ડાયેટિંગ બંધ કરે એ અશક્ય છે એમ હું માનતો હતો.

'જુઓ, વાંચો !' કહી મિત્રે એક અંગ્રેજી સાપ્તાહિક મારા હાથમાં પકડાવ્યું.

'તમે જ વાંચી દો ને ! મારાં ચશ્માં બે દિવસથી જડતાં નથી !' મેં કહ્યું.

'જુઓ,' મિત્રે સાપ્તાહિકમાં જોઈને કહ્યું, 'ઇંગ્લૅન્ડમાં એક માણસ મોટી ફાંદને કારણે બચી ગયો. લાકડાનો અણીદાર ટુકડો એના પેટમાં ઘૂસી ગયો. પણ મોટા ઘેરાવાવાળી ફાંદને કારણે અંદરના અવયવોને કશું નુકસાન ન થયું. બોલો ! આ વાંચીને મને થયું કે હું નાહકનો આવી જીવરક્ષક ફાંદ ઘટાડવા ભૂખે મરીને જીવ કાઢી નાખવા તૈયાર થયો છું. નહિ ! નહિ ! આજથી ડાયેટિંગ બંધ - ચાલો, મગાવો આઇસક્રીમ.'

'આઇસક્રીમ તો મગાવું પણ ખરેખર તો આ ખુશીના મોકે તમારે ત્યાં આઇસક્રીમ પાર્ટી જ નહિ રસપૂરીનું જમણ અને ઉપરથી બે-ત્રણ કચોળાં આઇસક્રીમ એવું રાખવું જોઈએ.' મેં કહ્યું.

'રાખીશું, ભાઈ ! રાખીશું. પણ એ પહેલાં મારે ઘરનાંઓનો મત કેળવવો પડે. તમે જાણો છો કે આ કામ થોડું અઘરું છે. એટલે હમણાં તો આ રીતે આઉટડોર શૂટિંગ જ રાખવું પડે તેમ છે. આજે સાંજે આપણે, વાત ખાનગી રાખી શકે તેવા બે-ચાર મિત્રો સાથે હોટેલમાં જઈશું ને બિલ હું ચૂકવીશ.'

આ મિત્ર મારા બાળપણના સાથી છે. અમે સાથે મોટા થયા. પ્રાથમિક અને માધ્યમિક શાળામાં સાથે ભણ્યા અને વર્ષો પછી ફરી અમદાવાદમાં ભેગા થઈ ગયા. ઘણાં વરસ પછી અમદાવાદમાં એમને પહેલવહેલી વાર મળવાનું થયું ત્યારે એમની શારીરિક સમૃદ્ધિ જોઈ હું આભો બની ગયો હતો. એ ગોળમટોળ તો નાનપણથી જ છે, પણ હવે તો એ એટલા બધા ગોળમટોળ થઈ ગયા છે કે માત્ર મોઢા પરથી જ ખબર પડે કે કઈ બાજુથી ચત્તા છે ! પહેલવહેલી વાર મળ્યા ત્યારે મેં એમને હસતાં હસતાં કહેલું કે 'તમે એલિસબ્રિજ પરથી ન નીકળશો.'

‘કેમ ? એ પુલ તો બહુ મજબૂત ગણાય છે.’

‘એ ખરું, પણ એ પુલ પરથી ભારે વાહનો લઈ જવાની મનાઈ છે.’ આ સાંભળી એ મોકળે મને હસી પડેલા.

જ્યોતીન્દ્ર દવેએ એમના એક લેખમાં એક મહાશયના વિશાળ પેટનું વર્ણન કરતાં લખ્યું છે કે ‘પેટ એમના શરીરનો ભાગ નહિ, પણ એમનું શરીર એમના પેટનો પેટાભાગ હોય એમ મને લાગ્યું.’ અમારા મિત્રનું પેટ પણ આવું જ વિશાળ છે. એમને મળનાર દરેક વ્યક્તિની પહેલી નજર એમના પેટ પર જ પડે છે, એટલું જ નહિ, પેટ પર થોડી વાર સ્થિર પણ થઈ જાય છે ! મિત્ર આનંદી બહુ છે. બાળકો સાથે બાળકો જેવા બની જાય છે. તેઓ જમીન પર ઊંધા સૂએ છે (જોકે બહુ થોડી વાર માટે જ ઊંધા સૂઈ શકે છે) ત્યારે પેટ જાણે ધરી હોય એમ એમનું શરીર જમીનથી અધ્ધર રહે છે. એમના પૌત્ર-પૌત્રી પગ વડે એમને ગોળ ગોળ ફેરવી આનંદનો ખજાનો લૂંટે છે.

પણ ઉંમર વધવા સાથે ડૉક્ટરો એમને ચેતવણી આપવા માંડ્યા કે ‘શરીર ઘટાડો - શરીર ઘટાડો.’ એ બિચારા ડૉક્ટરોની વાતમાં આવી ગયા. કડક ડાયેટિંગ કરતાં કરતાં બિચારા અધમૂઆ થઈ ગયા. બિચારા કહેતા, ‘આ ડાયેટિંગને કારણે આઈ વિલ ડાઈ વિધાઉટ ઈટિંગ’. પણ ડૉક્ટરોની ચેતવણી એવી ભારે હતી કે ઘરનાંઓ ડાયેટિંગ બંધ કરવાનું જોખમ લેવા તૈયાર ન હતાં. આ બધાં પછી પણ એમનું શરીર ઘટવાનું નામ નહોતું લેતું. એમણે વજન-કાંટો પણ ખરીદ્યો ને સવાર-બપોર-સાંજ વજન કરવા માંડ્યું. પણ કાંટો હાંફતો હાંફતો મૂળ આંક પર જ જઈને ઊભો રહે ને આ બિચારા જીવ નિરાશ થઈ જાય. વજન-કાંટાને ઊંચકીને બહાર ફેંકી દેવાનો વિચાર દરેક વખતે એમને આવે પણ વજન-કાંટાની કિંમત યાદ આવે એટલે ઢીલા પડી જાય. એમણે મેજર ટૅપ પણ ખરીદી છે. દિવસમાં એકાદ વાર મેજર ટૅપ લઈને પેટની ગોળાઈ માપે જ માપે. સંસ્કૃત કવિઓને અર્ધી માત્રા મળી જતી તોય પુત્રજન્મ જેટલો આનંદ થતો એમ કહેવાય છે. અમારા મિત્રના પેટની ગોળાઈ અર્ધો ઈંચ પણ ઓછી થાય તો એમને પણ પુત્રજન્મ જેટલો આનંદ થાય - પણ આવો આનંદ એમના નસીબમાં નહોતો. એમને થતું આ તો બાવાના બેય બગડે છે. ખવાતું-પિવાતું નથી ને શરીરમાં ઘટાડો પણ થતો નથી. એમાં વિશાળ ફાંદને કારણે બચી ગયેલા માણસની વાત એમના વાંચવામાં આવી અને ડાયેટિંગ બંધ કરવાનું સજ્જડ બહાનું એમને મળી ગયું.

અત્યારે મિત્રના હિસાબે ને જોખમે ખાનગી પાર્ટીઓ ચાલી રહી છે. ઘરનાંઓનો મત કેળવવા તેઓ પ્રયત્નશીલ છે. ભારત જેમ વિશ્વના વગદાર દેશો દ્વારા પાકિસ્તાન પર દબાણ લાવવાનો પ્રયત્ન કરે છે તેમ અમારા મિત્ર મારા જેવા એમના મિત્રો દ્વારા ડાયેટિંગ છોડી દેવા પોતાના પર સખત દબાણ થઈ રહ્યું છે તેવું ઘરનાંઓને લાગે તેવો તખ્તો ગોઠવી રહ્યા છે. જુદા જુદા મિત્રો એમને ઘેર જઈ, ઘરનાંઓની હાજરીમાં, ડાયેટિંગ છોડી દેવા એમના પર દબાણ કરે એવું ટાઈમટેબલ એમણે ગોઠવ્યું છે. ‘મિત્રોના દબાણ આગળ ઝૂક્યા વગર છૂટકો નથી.’ એવું મિત્ર ઘરનાંઓ સમક્ષ કહ્યા કરે છે. ઘરનાંઓ પણ ઢીલાં પડ્યાં છે એમ મિત્ર કહે છે, અથવા એમને એવું લાગે છે. થોડા જ વખતમાં મિત્રના ઘેર ‘ડાયેટિંગ સમાપ્તિ’ના માનમાં એક ભવ્ય પાર્ટી યોજાશે એવી આશા અમે મિત્રો સેવી રહ્યા છીએ.

**- રતિલાલ બોરીસાગર**

# ગૂગલ સામે પડકાર ઈલોન મસ્કનું ગ્રોક-3

૨૦૨૨ના અંતે ઓપનએઆઈ કંપનીએ ચેટજીપીટી લૉન્ચ કરીને એઆઈ ટૅક્નૉલૉજીમાં સ્પર્ધાની શરૂઆત કરી હતી. ચેટબોટ તો કેટલાય હતા, પરંતુ એઆઈ ચેટબોટ ચેટજીપીટીએ જે આકર્ષણ જગાવ્યું એનાથી ગૂગલ સામે પહેલી વખત પડકાર સર્જાયો હતો. ગૂગલે રાતોરાત મહેનત કરીને જેમિનાઈ (કે જેમિની) ચેટબોટની ટૅક્નૉલૉજી વિકસાવી. ચેટજીપીટી બનાવનારી ઓપનએઆઈ કંપનીના સ્થાપકોમાં એક નામ હતું - ઈલોન મસ્કનું. મસ્કે શરૂઆતમાં માતબર રોકાણ કર્યું હતું, પરંતુ પછી કંપનીના સ્થાપક-સીઈઓ સેમ અલ્ટમેન સાથે મતભેદો થતાં તેમણે રોકાણ પાછું ખેંચી લીધું.

ઓપનએઆઈએ માઇક્રોસૉફ્ટની મદદ લીધી. ગૂગલને ટક્કર આપવા માઇક્રોસૉફ્ટે ચેટજીપીટી ટૂલને કંપનીના સર્ચ એન્જિન બિંગ સાથે જોડ્યું. એ રીતે માઇક્રોસૉફ્ટ અને ગૂગલ વચ્ચે શરૂઆતમાં એઆઈ ટૅક્નૉલૉજીની સ્પર્ધા થઈ. ફેસબુકના માર્ક ઝુકરબર્ગે એઆઈ મેટાના માધ્યમથી સોશિયલ મીડિયામાં એઆઈ ટૂલ્સ આપવાનું કામ શરૂ કર્યું. તેના પરિણામે મેટા એઆઈનું ટૂલ વૉટ્સએપમાં પણ આવી ગયું. બ્લૂ રિંગના નામે ઓળખાતી આ એઆઈ ટૅક્નૉલૉજીએ મૅસેજિંગ એપની સ્ટાઇલ બદલી નાખી.

આ બધું ચાલતું હતું ત્યારે જ ઈલોન મસ્કે ૨૦૨૩ના માર્ચમાં એઆઈ ટૅક્નૉલૉજીની સ્પર્ધામાં ઝંપલાવવા માટે કંપની બનાવી. એક્સએઆઈ નામની આ કંપનીએ નવેમ્બર-૨૦૨૩માં ગ્રોક નામનો એઆઈ સૉફ્ટવૅર બનાવ્યો. પહેલાં એનું નામ ટ્રૂથ જીપીટી રખાયું હતું, પરંતુ પછીથી એનું નામ ગ્રોક કરી દેવાયું હતું. ગ્રોક શબ્દ અમેરિકન સાયન્સ ફિક્શન લેખક રૉબર્ટ હેઈનલેઈનની નવલકથા 'સ્ટ્રેન્જર ઇન એ સ્ટ્રેન્જ લૅન્ડ'માંથી લેવાયો હતો, જેનો અર્થ થાય છે - સહજતાથી કે સહાનુભૂતિથી સમજવું.

ગ્રોક-૧ નામનું વર્ઝન માત્ર ગણ્યાગાંઠ્યા યૂઝર્સ માટે લૉન્ચ કરવામાં આવ્યું હતું. આ ચેટબોટ ચેટજીપીટી કરતાં વધુ સારી રીતે ઍનાલિસિસ કરે છે એવો કંપનીનો દાવો હતો, પરંતુ યૂઝર્સને એમાં ઘણી ફરિયાદો હતી. ચેટજીપીટીને ટક્કર આપી શકે એવું આ સૉફ્ટવૅર ન હતું. માર્ચ-૨૦૨૪માં કંપનીએ ગ્રોક-૧.૫ લૉન્ચ કરીને પ્રયોગો કર્યા. એ ચેટબોટ બહેતર હોવાથી યૂઝર્સની પ્રશંસા મળી. એની ખાસિયત એ હતી કે તેમાં વિઝ્યુઅલ ઈન્ફર્મેશન યાને ડૉક્યુમેન્ટ્સ, ડાયાગ્રામ, ગ્રાફિક્સ સ્ક્રીનશૉટ, ફોટોગ્રાફ્સ વગેરેનું ઍનાલિસિસ થતું હતું. યુરોપના ઘણા દેશોમાં એ લૉન્ચ કરીને ફીડબૅક મેળવ્યા પછી ગયા વર્ષે ઑગસ્ટમાં ગ્રોક-૨ એઆઈ ચેટબોટ લૉન્ચ થયો. ઈમેજ ક્રિએટ કરવાથી લઈને માહિતી પૂરી પાડવામાં આ વર્ઝન ચેટજીપીટી, જેમિનાઈને ટક્કર આપે એવું બન્યું હતું.

ગ્રોકને હરીફોની લગોલગ પહોંચાડ્યા બાદ એનાથી એક કદમ આગળ વધારવા માટે મસ્કની ટીમે મહેનત આદરી હતી, તેના પરિણામે થોડા સમય પહેલાં નવું વર્ઝન લૉન્ચ થયું - ગ્રોક-૩. એની ખાસિયત એવી છે કે ગણિત, વિજ્ઞાન અને કોડિંગમાં આ સૉફ્ટવૅર અન્ય સ્પર્ધકો કરતાં વધુ બહેતર છે. સૌ ટૅક-એક્સપર્ટ્સે રિવ્યૂ આપ્યો એમાં જણાયું કે ચૅટજીપીટી, જેમિનાઈ, બ્લૂ રિંગ કરતાં આ ચૅટબોટનું કામ કોડિંગમાં ખૂબ જ ઉમદા છે. મસ્કે દાવો કર્યો છે કે આ ચૅટબોટ માત્ર માહિતી આપવાનું કામ નહીં કરે. તે સત્ય સુધી પહોંચાડશે. મસ્કનું કહેવું છે કે બીજા બધા એઆઈ ચૅટબોટની સરખામણીએ ગ્રોક-૩ યૂઝર્સને ગેરમાર્ગે દોરવાને બદલે કે ભ્રામક માહિતી આપવાને બદલે સાચી માહિતી પૂરી પાડશે. આ દુનિયાનો સૌથી સ્માર્ટ એઆઈ ચૅટબોટ છે એવો દાવો પણ કંપનીએ કર્યો છે.




જોકે, તેની રિયાલિસ્ટિક સ્ટાઇલથી વિવાદ પણ ખડો થયો છે. ચૅટજીપીટી, જેમિનાઈ જેવા એઆઈ ચૅટબોટ વધારે પ્રૉફેશનલ હોય એ રીતે જવાબો આપે છે. તેની સરખામણીએ ગ્રોકની સ્ટાઇલ વધુ માનવીય છે. યૂઝર જે ભાષામાં ગ્રોકને સવાલ પૂછે છે એ ભાષામાં જવાબ મળે છે. જો કોઈ ટપોરી ભાષામાં પૂછે તો જવાબ પણ એવો જ આવે છે. ગ્રોકની સિસ્ટમ બહુ જ ઝડપથી સામેની ભાષાની સ્ટાઇલ પારખી લે છે અને એના આધારે પ્રતિક્રિયા આપે છે. ચૅટજીપીટી અને જેમિનાઈ વધુ વિનમ્ર ને સહાયક જેવા જણાશે. પરંતુ ગ્રોક મિત્રની જેમ વાત કરે છે. મિત્રો અંદરોઅંદર વાત કરે ત્યારે એમાં ફિલ્ટર હોતું નથી. એવું જ ગ્રોક માટે છે અને તેના કારણે વિવાદ પણ થતો રહે છે. એની જવાબ આપવાની રીત બધાને પસંદ આવતી નથી. એ એક્સ પ્લૅટફૉર્મમાં જે ટ્રેન્ડ ચાલતો હોય એનો તુરંત અભ્યાસ કરે છે અને એમાંથી પ્રેરિત થઈને પ્રતિક્રિયા આપે છે.

ગ્રોક-૩ અત્યારે ટ્રાયલ માટે યૂઝર્સને ફ્રી મળે છે. એક્સ-એઆઈ કંપનીની વેબસાઇટમાં જઈને કે પછી એક્સ પ્લૅટફૉર્મમાં યૂઝર્સ એનો ઉપયોગ કરી શકે છે. એપ ડાઉનલોડ કરીનેય એનો લાભ લઈ શકાય છે. ખુદ કંપનીના માલિક ઈલોન મસ્કે સોશિયલ મીડિયામાં લખ્યું કે થોડા સમય માટે ગ્રોક-૩ બધા માટે નિઃશુલ્ક છે, પરંતુ થોડા સમય માટે જ. પછી એક્સ પ્લૅટફૉર્મ સાથે કનેક્ટ કરીને એનું સબ્સ્ક્રિપ્શન મૉડલ લૉન્ચ થશે.

ટીકાકારો કહે છે કે ઓપનએઆઈને ટક્કર આપવા મસ્કે રાતોરાત ટીમ બનાવીને ઉતાવળે આ સૉફ્ટવૅર બનાવ્યો છે એટલે એમાં ચૅટજીપીટી જેવી જ ફીલિંગ આવે છે, નવું ખાસ દેખાતું નથી, તો ઘણા કહે છે કે મસ્કના આ ચૅટબોટથી મૅથ્સ, સાયન્સનું

ઍનાલિસિસ નવી ઊંચાઈએ પહોંચશે. કોડિંગની તો આખી દુનિયા જ બદલાઈ જશે. ઘણાંની દલીલ એવીય છે કે ગ્રોકનો માનવીય અંદાજ ધીમે ધીમે લોકોને ગમવા માંડશે એટલે અન્ય ચૅટબોટમાં પણ એની અસર પડ્યા વગર રહેશે નહીં. અત્યાર સુધીના ચૅટબોટ એઆઈથી સંચાલિત મશીનની જેમ વર્તે છે, પરંતુ ગ્રોક મશીનથી કંઈક વધારે છે.

મસ્કની ગણતરી એવી છે કે એક્સ (ટ્વિટર) પ્લૅટફૉર્મના યૂઝર્સ માટે ઉપલબ્ધ કરાવીને એકસાથે ચૅટજીપીટી, ગૂગલના જેમિનાઈ, મેટાએઆઈ સહિત કેટલાંય નિશાન સાધી શકાશે. ગૂગલ પાસે સર્ચ એન્જિનનું મોટું ઑડિયન્સ છે એટલે એ સૌને જેમિનાઈ મળી રહે છે. મેટા પાસે વૉટ્સએપના કરોડો યૂઝર્સ છે. તેમને પણ રિંગ આપી દેવાથી યૂઝર્સ વધી જશે. મસ્ક પાસે એક્સ પ્લૅટફૉર્મ છે અને એ આ બંનેને ટક્કર આપી શકે છે. ઓપનએઆઈનું પોતાનું કોઈ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ કે સર્ચ એન્જિન નથી. માઈક્રોસૉફ્ટે માતબર ફંડ આપ્યું છે અને કરાર કર્યો છે એટલે ઓપનએઆઈ માઈક્રોસૉફ્ટના સર્ચ એન્જિન બિંગમાં જોવા મળે છે. જોકે, માઈક્રોસૉફ્ટ સર્ચ એન્જિન પાસે એટલું ઑડિયન્સ નથી. માઈક્રોસૉફ્ટ અન્ય પ્રોડક્ટમાં ચૅટજીપીટીનું બટન ઉમેરે તો ફરક પડી શકે.

આવા સમયમાં ચીનની એઆઈ ટેક્નૉલૉજી ડીપસીકે રાતોરાત આ તમામ કંપનીઓને ટક્કર આપી દીધી છે. મસ્કની સ્પર્ધા આ અમેરિકન કંપનીઓ સાથે તો ખરી જ, પરંતુ ગ્રોક-૩ને ડીપસીક સાથેય હરીફાઈમાં ઊતરવું પડશે. પરિણામે આ સ્પર્ધા રસપ્રદ થઈ પડશે એ નક્કી છે.

**- હર્ષ મેસવાણિયા**

---

**(૧૩મા પાનાનું ચાલુ)**

જે રીતે પરિસ્થિતિ આકાર લઈ રહી છે તેમાં ચીન, રશિયા અને અમેરિકા પોતાના હિત ખાતર નવું જૂથ રચી આર્થિક વ્યવહારો પોતાના નિયંત્રણમાં લેશે, તો એશિયા, યુરોપ અને આફ્રિકાના અનેક દેશોમાં આર્થિક કટોકટી પેદા થશે. તુલસીદાસે કહ્યું છે, 'સમરથ કો નહીં દોષ ગુંસાઈ' જેવી હાલતમાં ભારતે અમેરિકાના સંબંધોમાં શું કરવું અને શું ન કરવું તેની દ્વિધા ગંભીર છે.

ટ્રમ્પે ભારત સાથે ૧૦ કરાર કરી ૧૩૫ બિલિયન ડૉલરની આયાત માટે ભારતને મજબૂર કર્યું છે. ૪૫ બિલિયનના ભારતના ટ્રેડ સરપ્લસનો છેદ ટ્રમ્પે આગામી ત્રણ વર્ષ માટે ઉડાડી દીધો છે. અંતમાં, હેનરી કિસિન્જરના નામે કહેવાતું વાક્ય યાદ આવે છે - 'અમેરિકા સાથે શત્રુતા ભારે પડી જાય તેમ છે, પણ અમેરિકાની મિત્રતા તો ઘાતક જ બને છે.' અમેરિકા તો શત્રુ-મિત્રોના ભેદ ભૂલીને વિશ્વના અર્થતંત્રને પોતાની રીતે આકાર આપવા દૃઢાગ્રહી છે, ત્યારે અનેક આર્થિક પડકારો ઝીલવા દેશોએ પોતે જ સુસજ્જ થવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

**- પ્રવીણ ક. લહેરી**

# સદાબહાર હિંમત શાહસોદાગર



હિંમત શાહ

'હું મારું પોતાનું શિલ્પ હજી શોધું છું - સંઘર્ષ કરું છું' એમ હિંમતભેર કહેનારા આજીવન કલાકાર હિંમત શાહે આ ઉક્તિનું રટણ મરણપર્યંત - બાણુ વર્ષની ઉંમર સુધી કર્યે રાખ્યું એમાં જ એમની કટિબદ્ધતા-પ્રતિબદ્ધતા અને કળામય જીવન પ્રત્યેના અહોભાવ તથા હકારાત્મક અભિગમનાં દર્શન થાય છે. ગુજરાતના ગરવા સપૂત હિંમત શાહનો જન્મ ભાલકાંઠે હડપ્પન સંસ્કૃતિના લોથલ નજીક ગુંદી ગામે, જ્યાં એમણે સ્થપતિઓ, સંશોધકો અને ઇતિહાસવિદોને વિવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત નિહાળ્યા, લારી ઉપર માલ ચડાવી વેચવા જતા કુંભારો દીઠા. સિંધુ સંસ્કૃતિના ભગ્નાવશેષોના સંગ્રહો જોયા - જેમાં આદિ સંસ્કૃતિમાં વિચરતા માનવજીવનની ઝાંખી કરી. આ બધો કાચો માલ કહેવાય - જેમાં હિંમતભાઈ તરબોળ થઈ જતા અને એનાથી જ કદાચ તેમનો પાકો પિંડ ઘડાયો. કળા- પ્રીતિ, બુદ્ધિ, દૃષ્ટિ, વિચારોની પાકટતાએ એમને કટાણે કુટુંબ છોડાવ્યું. બસ; એક જ રઢ - 'શોધ' - કળાની અને કળામય જીવનની. કુદરતના સાન્નિધ્યમાં ઊંચા ગઢ ગિરનારે તેમને પ્રકૃતિની કળાનાં દર્શન કરાવ્યાં - વનરાજીની સોડમાં તેમના દિલો-દિમાગમાં સર્જનાત્મકતાના અંકુર ફૂટ્યા. સહજપણે આંગળીઓ થિરકવા માંડી અને પછી તો અમદાવાદ, વડોદરા, મુંબઈ, દિલ્હીની કળાસંસ્થાઓ અને એમના ગુરુઓએ એમને કસોટી રૂપી અગ્નિમાં જાણે કે તપાવ્યા. હિંમતભાઈ શુદ્ધ - સો ટચના સોના રૂપે તવાઈને બહાર પડ્યા તે પડ્યા અને પછી સીધા પહોંચ્યા યુરોપ. પૅરિસના લુવ્ર મ્યુઝિયમથી માંડી અનેક સંસ્થાઓ-સંગ્રહસ્થાનોમાં ફરી વળ્યા અને યુરોપિયન કલાકારોની કલાથી એવા તો પ્રભાવિત થઈ ગયા કે એમની અંદર પિકાસો, લિયોનાર્ડો-દ-વિન્ચી જેવા કલાકારોની કળાનાં બીજ વવાયાં. ભારતમાં ચિત્રકામની જે શૈલીમાં તેઓ પળોટાયેલા હતા એનો કાયાકલ્પ થયો અને આપણને સાંપડ્યા 'રેનેસાં'ની છાંટવાળા 'મૉડર્ન આર્ટ'ના અનુગામી હિંમત શાહ.

પરિવારજનો અને મિત્રો સંબંધીઓને યાદ છે કે ગુજરાતમાં - ખાસ કરીને અમદાવાદમાં વારસાગત કળાનાં દર્શન કરી હિંમતભાઈ પેપર પર જળરંગો વડે નિસર્ગચિત્રો (લૅન્ડસ્કેપ) કરતા. સ્કૅચિંગ-રેખાચિત્રો તો એમના હાથેથી જાણે રસળતાં. કેરડાના કાંટાળા ઝાંખરામાં પણ આ કલાકારને સૌંદર્ય દેખાતું અને તેને કાગળ પર ઉતારતા. પછી તો તેમના હાથ ચિત્રો ઉપરાંત હસ્તકલા(હૅન્ડિક્રાફ્ટ)માં પણ પ્રવૃત્ત થઈ જતા. ચિત્રકળામાં વધુ ઊંડા ઊતર્યા અને ચોમેરના અનુભવ તથા નિરીક્ષણના

પરિપાક રૂપે તેમણે કૅન્વાસ પર તૈલચિત્રો બનાવવામાં મહારત મેળવી. કુદરતનાં દર્શનની ઝાંખી ફળ, ફૂલ, વેલ, પશુ, પક્ષીને ભિન્ન ભિન્ન ભાવે દર્શાવતા. એમના ‘કન્સેપ્ટ’ મુજબ માનવચહેરાના ભાવ, રેખાઓ અલગ અંદાજમાં નિરૂપતા. ભૌમિતિક ભાતમાં પણ વૈવિધ્ય ! માત્ર ચહેરાના પ્રતીક વડે આખો માણસ ઊભરી આવે. તેમની રંગછોળો તેમના મન જેવી મનસ્વી છતાં ઉત્સવી. સંયોજન સ્વકલ્પના અનુસાર. શાસ્ત્રીય નહિ-આધુનિક ! ચહેરો આખો ન દેખાય તોપણ એ ધ્યાનમગ્ન લાગે એવો હિંમતભાઈનો જાદુ ! દેખીતી વારલી શૈલી લાગે, પરંતુ અંતે રૂપ અલગ જ ! ઝીણી રેખાઓ ઉડ્ડયનશીલ - ગતિશીલ અને બારીક - આકાશ તરફ જતી ભાસે. તો વળી, કેટલાંક ચિત્રો રંગખડિયો ઢોળાયો હોય એવાં લાગે. રંગકર્મી તો ખરા જ આ કલાકાર તેથી ઘેરા-ઘાટા રંગો મરજી મુજબ મૂકે. માનવચહેરો લાલ બનાવે ને સૂરજ રૂપેરી. ક્યાંક સમરસ રેખા તો ક્યાંક વળી આ આધુનિક સ્વાંગમાં આડીઅવળી ! એક સળંગ કૅન્વાસ કે કાગળ પર અનેક નાનાં - નાજુક ચિત્રોનાં ઝૂમખાંમાં બહુરંગી આકારો એકમેક સાથે રંગોની અદલાબદલી કરે. ગણપતિ પાછા આધુનિક અને પૌરાણિક પ્રસંગચિત્રો પ્રવૃત્તિમય - ‘ઍક્શન’માં. એમાં ઘેરા લાલ, પીળા, કાળા, સફેદ, કેસરી, વાદળી રંગો ઘટનાને ઉઠાવ આપે.

હિંમતભાઈની કળા તેમની ઉંમર સાથે સાથે પરિપક્વ થતી ચાલી અને સ્વભાવાનુસાર તેઓએ એક ડગલું આગળ ભર્યું. એને માટે તેઓ હજારો ડગલાં સ્મૃતિખંડે પાછા વળ્યા. સિંધુ સંસ્કૃતિનાં ટેરાકોટાના માનવચહેરાનાં શિલ્પોએ એમને આહ્‌વાન આપ્યું અને એમણે શિલ્પસર્જન તરફ ડગ માંડ્યાં - ઝડપી અને પ્રભાવક ! એમને તો બસ, મનમાં વસી ગયા માનવચહેરા; હાવભાવ અને રંગપ્રભા સહિત ! વાર કેટલી ? આ તો ધરતીનો જીવ - માટીનો માણસ. છેલ્લાં વર્ષો જયપુરમાં ઘર અને આર્ટ ગૅલરીમાં રત રહીને એમણે પંચમહાભૂતને પ્રેમ કરવો શરૂ કર્યો. માટી, પાણી, કાગળ, સાંચા સાથેનો અનુરાગ અને અહોભાવ એમને ઉત્કૃષ્ટ શિલ્પસર્જન તરફ ખેંચી ગયો. એક પછી એક (સંઘેડાઉતાર નહિ હોં !) વૈવિધ્યપૂર્ણ રંગોને ટેરાકોટામાં ભેળવી એમણે આગવી કળાને જન્મ આપ્યો ત્યાં સુધી જંપ્યા નહિ આ કલાકાર. શિલ્પની ઉપર પણ તેમણે ચિત્ર અને શૃંગારનો પ્રયોગ કર્યો. ઠેર ઠેર એમની આ કળાની નોંધ લેવાઈ. માનવચહેરો - તેનું લાંબું ગળું અને ચહેરા ઉપરના ભાવ. ગંભીર મુખમુદ્રા ધરાવતા મિત્રોની સભા મળી હોય એટલાં શિલ્પો બનવા માંડ્યાં. સાંચીના સ્તૂપ જેવું એક શિલ્પ અત્યંત સુંદર આખરી ઓપવાળું રંગીન - પિરામિડ આકારમાં શોભે - વચ્ચે આડી લકીરો અને રંગ પ્રાણ પૂરે. શિલ્પ નિર્જીવ - ભાવ સજીવ. શિલ્પ સાથે સાધનનો સાથ અને ખંડિત લાગતું અખંડ શિલ્પ જોઈ દર્શકો - ભાવકો તો તેની સાથે જોડાઈ જાય - પરિતૃપ્ત થઈ જાય, પણ…સંતોષ માને તો હિંમતભાઈ શેના ? એમનું તો વિધાન વિશ્વવિખ્યાત થઈ ગયું કે હજી તેમની શોધનો સંઘર્ષ જારી છે. આ તો માત્ર તેમના કલાકર્મનો નાનેરો પરિચય. સર્વ રીતે ‘મોટા’ આ કલાકારને હવે પોંખવાનો ઉપક્રમ આપણે કરીએ તો … ‘It is never too late ...’

**- સુધા ભટ્ટ**

# અમેરિકા અને આપણે

૧૪મી સદીમાં ભારતના મરીમસાલા અને રેશમી કાપડની યુરોપ અને ઇંગ્લૅન્ડમાં ખૂબ જ માંગ હતી. આથી ભારત આવવાનો ટૂંકો રસ્તો ખોજવા સ્પેનના ક્રિસ્ટોફર કોલંબસ ત્રણ વહાણોનો કાફલો લઈને નીકળ્યા હતા. પૃથ્વી ગોળ છે એ માન્યતાના આધારે એમણે વિચાર્યું કે જો હું પશ્ચિમ તરફ પ્રયાણ કરીશ તો પૂર્વમાં આવેલ ભારતમાં જલદી પહોંચી જઈશ. આથી એમણે યુરોપથી પશ્ચિમ તરફ એમનાં વહાણો હંકાર્યાં. અનાયાસે તેઓ, એ પહેલા, સાવ અજાણ એવા, અમેરિકા ખંડમાં જઈ પહોંચ્યા. એમને એવું લાગ્યું કે તેઓએ ભારતની ધરતી ઉપર પગ મૂક્યો છે. ત્યાં વસતા લોકોની ચામડીનો રંગ ભૂખરો હતો આથી કોલંબસે એમને રેડ ઇન્ડિયનો તરીકે ઓળખાવ્યા.

ઇંગ્લૅન્ડ અને યુરોપના લોકો એ સમયે રાજા અને ધર્મગુરુઓના રંજાડના કારણે ત્રાસી ગયા હતા. એમના દેશોમાં પ્લેગનો રોગચાળો ફેલાયેલો હતો. ઇંગ્લૅન્ડમાં બટાટાનો દુકાળ પડ્યો હતો. આ સર્વે કારણોને લીધે જેવી એ દેશોના લોકોને જાણ થઈ કે એક નવો દેશ શોધાયો છે, ત્યાં ખેતીવાડી માટે અફાટ જમીન છે. જમીનનું પેટાળ ખનિજોથી ભરેલું છે, એટલે તેઓને સ્થળાંતરના કુદરતી 'પુશ ઍન્ડ પુલ'ના નિયમ અનુસાર ઇંગ્લૅન્ડ અને યુરોપે એમના દેશમાંથી બહાર જવા માટે 'પુશ' કર્યા અને નવા ખોજાયેલા અમેરિકાએ એ સૌને પોતાને ત્યાં 'પુલ' કર્યા. વિશ્વના અન્ય દેશોના લોકો પણ એ તક અને છતના દેશમાં આકર્ષાયા. ભારતીયોએ એ સમયે અમેરિકા પ્રત્યે લક્ષ ન સેવ્યું, કારણ કે ત્યારે ભારતનો સુવર્ણકાળ હતો.

યુરોપ અને ઇંગ્લૅન્ડના દેશોની બંદૂકો સામે અમેરિકાના મૂળ વતનીઓનાં તીરકામઠાં કામ ન લાગ્યાં. પશ્ચિમના દેશોએ અમેરિકામાં પોતાનો પગ જમાવી દીધો અને મોગલોએ ભારત ઉપર આક્રમણો કર્યાં અને ભારતનાં રાજ્યો ઉપર કબજો જમાવ્યો. ત્યારબાદ પોર્ટુગીઝો, ફ્રેન્ચો અને છેવટે અંગ્રેજોએ ભારતમાં પગપેસારો કર્યો. ઇંગ્લૅન્ડે તો ૨૦૦ વર્ષ સુધી ભારત ઉપર રાજ્ય કર્યું.

કોલંબસે ખોજેલા અમેરિકાએ ધીરે ધીરે પ્રગતિ પ્રત્યે કૂચ કરવા માંડી. ત્યાં જઈને વસેલા લોકોએ એમનું બધું જ કૌશલ્ય અમેરિકામાં વાપર્યું અને અમેરિકા ઇંગ્લૅન્ડને બાજુએ મૂકીને વિશ્વનો આગળ પડતો દેશ બન્યો અને મોગલો, ત્યારબાદ પોર્ટુગીઝ, ફ્રેન્ચ અને છેવટે અંગ્રેજોની હકૂમતને કારણે ભારત પછાત બની ગયો અને ભારતીયો પણ અમેરિકા પ્રત્યે આકર્ષાયા.

અમેરિકા આમ ઇમિગ્રન્ટોનો દેશ બન્યો.

આજે અમેરિકામાં વસતી દરેકેદરેક વ્યક્તિ કાં તો પોતે ઇમિગ્રન્ટ છે અથવા તો એના પૂર્વજો અમેરિકામાં આવીને વસ્યા હોય છે. અમેરિકા પ્રત્યે ઇમિગ્રન્ટોનો ધસારો

એટલો બધો વધી ગયો કે એને ખાળવા માટે અમેરિકાએ 'પુશ ઍન્ડ પુલ'ના કુદરતી નિયમને વેગળો મૂકીને 'થિયરી ઑફ લેજિસ્લેટિવ રિસ્ટ્રેન્ટ' અપનાવી. ઇમિગ્રેશનને લગતા કાયદાઓ ઘડ્યા અને અમેરિકામાં પ્રવેશતા ઇમિગ્રન્ટોને ચાળવા તેમ જ ખાળવા લાગ્યા.

આજે વર્ષ ૧૯૫૨માં ઘડવામાં આવેલ 'ધ ઇમિગ્રન્ટ ઍન્ડ નૅશનાલિટી ઍક્ટ', અમેરિકામાં, ટૂંક સમય યા કાયમ માટે પ્રવેશવા ઇચ્છતા પરદેશીઓનું નિયંત્રણ કરે છે. એમની શું શું લાયકાતો હોવી જોઈએ, એમનામાં એવા શું અવગુણો હોય જેથી એમને અમેરિકામાં પ્રવેશતા અટકાવવા અમેરિકાના હિતમાં છે એ આ કાયદા હેઠળ ઠરાવવામાં આવ્યું.

'આઈએનએ' તરીકે ટૂંકામાં ઓળખાતો અમેરિકાના ઇમિગ્રેશનને લગતો આ કાયદો બે પ્રકારના 'વિઝા' સૂચવે છે. જેમને અમેરિકામાં કાયમ રહેવું હોય એમના માટે 'ઇમિગ્રન્ટ વિઝા' અને જેમને કોઈ ખાસ કારણસર, થોડા સમય માટે જ જવું હોય, એમના માટે જુદા જુદા પ્રકારના 'નૉન-ઇમિગ્રન્ટ વિઝા' ઘડવામાં આવ્યા. આ વિઝા મેળવવાની જુદી જુદી પ્રક્રિયાઓ તેમ જ સંખ્યા આ કાયદામાં દર્શાવવામાં આવી.

'વિઝા' એટલે તમારા પાસપૉર્ટ ઉપર મારેલો એક થપ્પો. જે દેખાડીને તમે અમેરિકામાં પ્રવેશવાની માગણી કરી શકો. વિઝા અમેરિકાની બહાર જ પ્રાપ્ત કરી શકાય. વિઝા હોય એટલે તમને અમેરિકામાં પ્રવેશ મળશે જ એવી કોઈ ગૅરંટી નથી હોતી. દરેક વિઝા જોડે એક સ્ટેટસ એટલે કે જે કાર્ય કરી શકાય એ સંકળાયેલું હોય છે.

અમેરિકામાં કાયમ રહેવું હોય તો ઇમિગ્રન્ટ વિઝા મેળવવાની જરૂરિયાત રહે છે. તમારાં પતિ, પત્ની યા સંતાન અમેરિકન સિટીઝન હોય તો તેઓ તમારા લાભ માટે ઇમિજિયેટ રિલેટિવ કૅટેગરી હેઠળ ઇમિગ્રન્ટ વિઝા માટેની પિટિશન દાખલ કરી શકે છે. આ પિટિશન હેઠળ એક વર્ષમાં ગમે તેટલા વિઝા મળી શકે છે. ચાર જુદી જુદી 'ફૅમિલી પ્રેફરન્સ' તેમ જ ચાર જુદી જુદી 'એમ્પ્લૉયમેન્ટ બેઝ્ડ પ્રેફરન્સ' કૅટેગરી હેઠળ પણ ઇમિગ્રન્ટ વિઝા પ્રાપ્ત કરી શકાય છે. એક વર્ષમાં ફૅમિલી પ્રેફરન્સ કૅટેગરી હેઠળ ૨,૨૬,૦૦૦ ઇમિગ્રન્ટ વિઝા આપવામાં આવે છે. એમ્પ્લૉયમેન્ટ બેઝ્ડ પ્રેફરન્સ કૅટેગરી હેઠળ ૧,૪૦,૦૦૦ ઇમિગ્રન્ટ વિઝા આપવામાં આવે છે.

તમે અમેરિકામાં કોઈ નવા બિઝનેસમાં દસ લાખ પચાસ હજાર યા આઠ લાખ ડૉલરનું રોકાણ કરીને અથવા તો એટલા પૈસા માન્યતા પામેલા રિજનલ સેન્ટરમાં ઇન્વેસ્ટ કરીને પણ ગ્રીનકાર્ડ મેળવી શકો છો. લૉટરી દ્વારા દર વર્ષે પંચાવન હજાર ઇમિગ્રન્ટ વિઝા આપવામાં આવે છે. રાજકીય આશરો માગીને યા રેફ્યૂજી સ્ટેટસ મેળવીને કે પછી અમેરિકાની મિલિટરીમાં જોડાઈને પણ એક પરદેશી ઇમિગ્રન્ટ વિઝા મેળવી શકે છે.

ઇમિગ્રન્ટ વિઝા મળ્યેથી પરદેશીને ગ્રીનકાર્ડ આપવામાં આવે છે. એ મળ્યેથી એ પરદેશી અમેરિકામાં કાયમ રહી શકે છે, પ્રોપર્ટી લે-વેચ કરી શકે છે, નોકરી યા ધંધો કરી શકે છે, ભણી શકે છે, પણ અમેરિકાની ચૂંટણીમાં મતદાન નથી કરી શકતો.

ગ્રીનકાર્ડધારકે એની વિશ્વમાં કશે પણ આવક હોય એની ઉપર ટેક્સ અમેરિકામાં ભરવાનો રહે છે. જો અમેરિકાની સરકારને એવું જણાય કે ગ્રીનકાર્ડધારકે કાયદાનો ભંગ કર્યો છે એનો ઇરાદો અમેરિકામાં કાયમ રહેવાનો નથી તો તેઓ એ વ્યક્તિનું ગ્રીનકાર્ડ પાછું ખેંચી લઈ શકે છે. ઇમિગ્રન્ટ વિઝા મેળવ્યા બાદ પાંચ વર્ષ પછી, અને જો એ લગ્નના આધારે મેળવ્યા હોય તો ત્રણ વર્ષ પછી, નેચરલાઇઝેશનની પ્રક્રિયા દ્વારા તમે અમેરિકન નાગરિક બનવાની અરજી કરી શકો છો.

નૉન-ઇમિગ્રન્ટ વિઝાના અનેક પ્રકાર છે. એ સર્વેની વ્યાખ્યા આઈએનએની કલમ ૧૦૧માં આપવામાં આવી છે. અમુક પ્રકારના નૉન-ઇમિગ્રન્ટ વિઝા માટે અમેરિકામાં પિટિશન દાખલ કરવાની રહે છે. અમુક પ્રકારના નૉન-ઇમિગ્રન્ટ વિઝા વાર્ષિક ક્વોટાની સંખ્યાથી મર્યાદિત હોય છે.

તમે એક પ્રકારના નૉન-ઇમિગ્રન્ટ વિઝા મેળવીને અમેરિકામાં પ્રવેશો અને પછી બીજા પ્રકારના નૉન-ઇમિગ્રન્ટ વિઝા ઉપર જે કાર્ય કરી શકો એ કરવાની જરૂરિયાત ઊભી થાય તો તમે અરજી કરીને તમારું 'સ્ટેટસ ચેન્જ' કરી શકો છો. નૉન-ઇમિગ્રન્ટમાંથી ઇમિગ્રન્ટ સ્ટેટસ પણ 'સ્ટેટસ એડજસ્ટ' કરવાની અરજી કરીને બદલી શકો છો. તમને રહેવાનો જેટલો સમય આપવામાં આવ્યો હોય એથી વધુ સમય રહેવું પડે એવા અનિવાર્ય સંજોગો ઊભા થયા હોય તો તમે 'એક્સટેન્શન ઑફ ટાઇમ ટુ સ્ટે'ની અરજી કરીને અમેરિકામાં રહેવાનો સમય લંબાવી શકો છો. તમારાં માતા-પિતાના લાભ માટે ઇમિગ્રન્ટ વિઝાની પિટિશન દાખલ કરવામાં આવી હોય અને એ પ્રોસેસ થઈને મંજૂર થાય અને એની હેઠળ વિઝા ઉપલબ્ધ થાય ત્યારે તમારી ઉંમર જો એકવીસ વર્ષથી વધુ થઈ ગઈ હોય, જેથી તમને ડિપેન્ડન્ટ ઇમિગ્રન્ટ વિઝા આપવામાં ન આવે તો, તમે 'ચાઇલ્ડ સ્ટેટસ પ્રોટેક્શન ઍક્ટ' હેઠળ પિટિશન દાખલ કરીને તમારાં માતાપિતા માટે દાખલ કરવામાં આવેલ પિટિશનને મંજૂર કરવા માટે ઇમિગ્રેશન ખાતાએ જેટલો સમય લીધો હોય એટલો સમય તમારી ઉંમરમાંથી બાદ માગી શકો છો. એ બાદબાકી કરતાં જો તમારી ઉંમર એકવીસ વર્ષથી નીચેની થાય તો તમને ડિપેન્ડન્ટ ઇમિગ્રન્ટ વિઝા મળી શકશે.

તમે જો કંઈ ખોટું કર્યું હોય અને તમારી ઉપર અમેરિકામાં ફરી પાછા પ્રવેશવા ઉપર પાબંદી મૂકવામાં આવી હોય તો આવા સંજોગોમાં તમે નૉન-ઇમિગ્રન્ટ યા ઇમિગ્રન્ટ 'વેવર'ની અરજી કરીને એ પાબંદીમાંથી અમુક સંજોગોમાં મુક્તિ મેળવી શકો છો. આવી અનેક છૂટ અને સવલતો આઈએનએમાં અમેરિકાની સરકારે ઇમિગ્રન્ટોને આપી છે.

આજે ભારતીયોમાં અને એમાં પણ ખાસ કરીને ગુજરાતીઓ, પંજાબીઓ અને દક્ષિણ ભારતીયોમાં અમેરિકાનું આકર્ષણ એટલું બધું વધી ગયું છે કે ત્યાં કાયમ રહેવા માટે જે ઇમિગ્રન્ટ વિઝા મેળવવા પડે છે એ માટે વર્ષોની રાહ જોવી પડે છે. નૉન-ઇમિગ્રન્ટ વિઝા પણ જો તમે એવું પુરવાર કરી ન શકો કે તમારો અમેરિકામાં કાયમ રહેવાનો ઇરાદો નથી તો એ મળવા મુશ્કેલ છે.

નૉન-ઈમિગ્રન્ટ પ્રકારના બી-૧/બી-૨ વિઝા, જે બિઝનેસમૅનો અને ટૂરિસ્ટો માટે છે, એની વિશ્વમાં સૌથી વધુ માગણી ભારતીયો કરે છે. ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ સંખ્યામાં, લગભગ એક વર્ષના ત્રણેક લાખ જેટલા, અમેરિકાની યુનિવર્સિટીઓમાં ભણવા જાય છે. સ્પેશિયાલિટી ઓક્યુપેશન વર્કરો માટેના જે એચ-૧બી વિઝા છે એના વાર્ષિક ક્વોટા ૮૫,૦૦૦ના છે. આ માટે ચારપાંચ લાખ અરજીઓ થાય છે. ૮૫,૦૦૦માંના પોણા ભાગના ભારતીયોના ફાળે જાય છે. આંતરકંપની ટ્રાન્સફરી એલ-૧ વિઝા જે મૅનેજરો, એક્ઝિક્યુટિવો અને ખાસ જાણકારીવાળી વ્યક્તિઓ માટે છે, એના ઉપર સાત યા પાંચ વર્ષ અમેરિકામાં રહીને કામ કરી શકાય છે એ એલ-૧ વિઝા પણ ભારતીયો ખૂબ મોટી સંખ્યામાં મેળવે છે. અન્ય પ્રકારના નૉન-ઈમિગ્રન્ટ વિઝા માટે પણ સૌથી વધુ અરજીઓ ભારતીયો જ કરે છે.

ક્વોટાનાં બંધનોના કારણે તેમ જ લાંબો સમય રાહ જોવી પડતી હોય એના કારણે યા તો લાયકાતોના અભાવના કારણે હજારો લાખો ભારતીયો જુઠ્ઠાણાંનો આશરો લે છે. ગેરકાયદેસર પ્રવેશવાના પ્રયત્નો કરે છે. એ માટે તેઓ ૨૫-૫૦ લાખ, અરે એક કરોડ રૂપિયા સુધી ખર્ચે છે. ભારતમાં સુખ અને શાંતિ છે, બધા જ ધર્મના લોકોને એક સરખી રીતે જોવામાં આવે છે, તેમ છતાં અનેકો ભારતની સરકાર ઉપર ખોટા ખોટા આક્ષેપો કરીને અસાયલમની માગણી કરે છે. એમ કહેવાય છે કે આજે અમેરિકામાં દસ લાખથી વધુ ભારતીયો ગેરકાયદેસર રહે છે.

અમેરિકાના બંધારણના ૧૪મા સુધારા દ્વારા એવું ઠરાવવામાં આવ્યું છે કે જેઓ અમેરિકાની ધરતી ઉપર જન્મ લે એ બાળકને જન્મના આધારે જ અમેરિકાની સિટીઝનશિપ પ્રદાન કરવામાં આવે છે. અનેક ભારતીય સ્ત્રીઓ ગર્ભવતી થતાં એ વાતને છુપાવીને બી-૧/બી-૨ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશે છે અને ત્યાં એમના બાળકને જન્મ આપે છે જેથી એમને અમેરિકાનું નાગરિકત્વ પ્રાપ્ત થાય છે અને મોટા થઈને તેઓ એમનાં માબાપને ઈમિજેટ રિલેટિવ કૅટેગરી હેઠળ ઈમિગ્રન્ટ વિઝા અપાવે છે. ભાઈબહેનોને ફૅમિલી ફોર્થ પ્રેફરન્સ કૅટેગરી હેઠળ અને ભારતની પત્ની યા પતિને ફૅમિલી સેકન્ડ (એ) પ્રેફરન્સ કૅટેગરી હેઠળ ઈમિગ્રન્ટ વિઝા અપાવે છે.

આમ વિશ્વનો એક નંબરનો દેશ હોવાના કારણે અને ત્યાં જતા ભારતીયો એમના રૂપિયાના ડૉલર કરી શકે છે, એકના ૮૮ કરી શકે છે એટલે ખરું-ખોટું કરીને લાખ્ખો રૂપિયા ખર્ચીને જીવના જોખમે પણ અમેરિકામાં પ્રવેશવાનો અને ત્યાં પ્રવેશ્યા બાદ ગેરકાયદેસર કામ કરવાનો ઈરાદો સેવે છે. આજે અમેરિકામાં વસતી દર છ વ્યક્તિઓમાં એક વ્યક્તિ ગેરકાયદેસર છે.

અમેરિકાને આ ગેરકાયદેસર ઈમિગ્રન્ટોનો પ્રશ્ન વર્ષોથી મૂંઝવતો આવ્યો છે. એમના દરેકેદરેક પ્રમુખોએ ગેરકાયદેસર ઈમિગ્રન્ટોનો પ્રશ્ન હલ કરવા માટે જાતજાતના પ્રયત્નો આદર્યા છે. બીજી વાર અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલા ડોનાલ્ડ ટ્રમ્પને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ પ્રત્યે પુષ્કળ ઘૃણા છે. એમને તો ઈમિગ્રન્ટો પણ ગમતા નથી.

આથી જ એમણે જેવો વ્હાઇટ હાઉસ, જે અમેરિકાના પ્રમુખોનું નિવાસસ્થાન છે, એમાં પગ મૂક્યો કે ૨૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના દિવસે જ, ઇમિગ્રન્ટોને રોકવા માટે એક્ઝિક્યુટિવ ઑર્ડરો બહાર પાડ્યા.

સૌપ્રથમ 'પ્રોટેક્ટિંગ ધ મીનિંગ ઍન્ડ વૅલ્યૂ ઑફ અમેરિકન સિટીઝનશિપ' આ એક્ઝિક્યુટિવ ઑર્ડર, બહાર પાડીને બર્થ સિટીઝનશિપને અટકાવી દીધી. ત્યારબાદ અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસતા ભારતીયોને હાથકડી પહેરાવીને પગમાં સાંકળો બાંધીને ત્રણ મિલિટરી વિમાનોમાં ભારત મોકલી આપ્યા.

ડોનાલ્ડ ટ્રમ્પે 'પ્રોટેક્ટિંગ ધી યુનાઇટેડ સ્ટેટ્સ ફ્રોમ ફૉરેન ટેરરિસ્ટ ઍન્ડ અધર નૅશનલ સિક્યૉરિટી ઍન્ડ પબ્લિક સેફટી થ્રેટ્સ' આ નામનો એક્ઝિક્યુટિવ ઑર્ડર બહાર પાડીને અમેરિકાની બધી જ એજન્સીઓ જેઓ પરદેશીઓને વિઝા આપે છે એમને વિઝા-ઇચ્છુકોની અરજીઓ ખૂબ જ સૂક્ષ્મ અને કડક રીતે તપાસવાનો ઑર્ડર કર્યો.

'સિક્યૉરિંગ અવર બૉર્ડર ઍન્ડ ડિક્લેરિંગ અ નૅશનલ ઇમરજન્સી એટ ધી સધર્ન બૉર્ડર ઓફ ધી યુનાઇટેડ સ્ટેટ્સ', 'અમેરિકા ફર્સ્ટ ટ્રેડ પૉલિસી', 'પ્રોટેક્ટિંગ ધ અમેરિકન પીપલ અગેઇન્સ્ટ ઇન્વેઝન', 'ગૅરંટિંગ ધ સ્ટેટ્સ પ્રોટેક્શન અગેન્સ્ટ ઇન્વેઝન', 'રિઅલાઇનિંગ ધી યુનાઇટેડ સ્ટેટ્સ રેફ્યૂજી એડમિશન પ્રોગ્રામ' તેમ જ 'ઇનિશિયલ રિસેસન્સ ઑફ હાર્મફુલ એક્ઝિક્યુટિવ ઑર્ડર ઍન્ડ ઍક્શન' આમ જુદા જુદા એક્ઝિક્યુટિવ ઑર્ડરો ૨૦મી અને ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન જ એમણે બહાર પાડ્યા. આ કારણસર અમેરિકામાં જ નહીં, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો. જેઓ અમેરિકન સ્વપ્નું સેવી રહ્યા છે તેમની ઊંઘ ઊડી ગઈ. અમેરિકાનાં લગભગ ૨૨ જેટલાં રાજ્યોએ આ બધા એક્ઝિક્યુટિવ ઑર્ડરો સમક્ષ પોતાની નારાજગી દર્શાવી છે. અમુક એક્ઝિક્યુટિવ ઑર્ડરોને કોર્ટોમાં પડકારવામાં આવ્યા છે.

પ્રમુખ ટ્રમ્પે એવું પણ જાહેર કર્યું છે કે વર્ષ ૧૯૯૦માં જે ઈબી-૫ પ્રોગ્રામ દાખલ કરવામાં આવ્યો છે જેની હેઠળ ઇન્વેસ્ટમેન્ટ કરતાં ગ્રીનકાર્ડ પ્રાપ્ત કરી શકાય છે એ પ્રોગ્રામને તેઓ બંધ કરશે અને એની જગ્યાએ પચાસ લાખ ડૉલર અમેરિકાની સરકારને આપીને 'ગોલ્ડ કાર્ડ' મેળવવાનો પ્રોગ્રામ દાખલ કરશે.

ડોનાલ્ડ ટ્રમ્પે હમણાં એક ગ્રીનકાર્ડધારક વિદ્યાર્થીને 'હમાસ'ને સપોર્ટ અને અમેરિકા વિરુદ્ધ કાર્ય કરવા માટે અમેરિકા બહાર મોકલી દેવાનો હુકમ કર્યો છે. છેલ્લે છેલ્લે જે ઍટર્નીઓએ એમની વિરુદ્ધ કેસો કર્યા હતા કે લડ્યા હતા એમની સામે પણ પગલાં લેવાની જાહેરાત કરી છે. હજુ બીજા કેવા કેવા એક્ઝિક્યુટિવ ઑર્ડર પ્રેસિડન્ટ ટ્રમ્પ બહાર પાડશે? ઇમિગ્રન્ટો સામે શું શું પગલાં લેશે એનો અમેરિકન સ્વપ્નું સેવતા વિશ્વના બધા જ લોકો વિચાર કરી રહ્યા છે.

ભારતીયો જેઓ અમેરિકામાં ફરવા જાય છે, ભણવા જાય છે, થોડા સમય માટે નોકરી કરવા જાય છે યા ગ્રીનકાર્ડ મેળવીને ત્યાં કાયમ રહેતા હોય છે કે પછી ભારતની નાગરિકતા ત્યજીને અમેરિકાના નાગરિક બની ચૂક્યા છે એ સૌએ ડોનાલ્ડ ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઑર્ડરો, એમના ઇમિગ્રન્ટો પ્રત્યેનાં જુદાં જુદાં પગલાંઓ, તેમ જ એમના

આચારવિચારો સારા છે? ખરા છે? કાયદેસરના છે? એની ચર્ચાવિચારણામાં પડવાનું ટાળવું જોઈએ.

તમે બી-૧/બી-૨ વિઝા ઉપર અમેરિકામાં પ્રવેશો યા અન્ય કોઈ પ્રકારના વિઝા ઉપર અમેરિકામાં દાખલ થાવ અને પછી અમેરિકા જેનો વિરોધ કરતું હોય એ દેશની વાહ વાહ કરો અને અમેરિકાને વખોડો, સ્ટુડન્ટ વિઝા ઉપર રાજકારણમાં ભાગ લો, અમેરિકાના વિશ્વના અન્ય દેશો પ્રત્યેના વલણને વખોડો અને અમેરિકાની વિરુદ્ધના દેશોના પક્ષમાં ભાષણો કરો, ત્રણ અઠવાડિયાં જ અમેરિકામાં ફરવા જવું છે એવું જણાવીને બી-૧/બી-૨ વિઝા મેળવ્યા હોય અને પછી છ મહિના ત્યાં રહો, અમેરિકામાં ભણવા જાઓ એ માટેના ખર્ચાની રકમ હવાલા મારફતે મેળવો, સ્ટુડન્ટ વિઝા ઉપર શનિ-રવિની રજામાં ગેરકાનૂની નોકરી કરો, ગ્રીનકાર્ડ મેળવવા માટે અમેરિકન સિટીઝન યા ગ્રીનકાર્ડધારક જોડે બનાવટી લગ્ન કરો, ગર્ભવતી છો એ વાત છુપાવીને તમારા બાળકને અમેરિકાની ધરતી ઉપર જન્મ આપવા અમેરિકામાં બી-૧/બી-૨ વિઝા ઉપર પ્રવેશો, તમારા પોતાના દેશને વખોડો, ખોટા ખોટા આક્ષેપો કરો અને અમેરિકામાં અસાયલમની માગણી કરો, આ શું વાજબી છે? તમે કોઈ પણ કારણસર અમેરિકા જવા માગતા હોવ તો જો ત્યાં કાયદેસર જશો અને ત્યાંના કાયદાઓનું ઉલ્લંઘન નહીં કરો, અમેરિકાના રાજકારણમાં માથું નહીં મારો તો તમારે ચિંતા કરવાની કંઈ જ જરૂર નથી.

અમેરિકા જે તક અને છતનો દેશ છે જ્યાં તમે તમારા રૂપિયાના ડૉલર કરી શકો છો, કુશળતા હોય તો આકાશને આંબી શકો છો એ દેશમાં જવું હોય, ત્યાં રહેવું હોય અને પ્રાપ્ત સગવડો ભોગવવી હોય તો તમારે કાયદેસર અમેરિકામાં પ્રવેશવું જોઈએ. જે પ્રકારના કાર્ય માટે અમેરિકામાં પ્રવેશ્યા હોય એ જ કાર્ય કરવું જોઈએ. અમેરિકાના રાજકારણમાં દખલગીરી કરવી ન જોઈએ. આટલું કરશો તો પ્રમુખ ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઑર્ડરો, નિયમો અને કાયદાઓ તમને નડશે નહીં, જો ગેરકાયદેસર અમેરિકામાં જશો, રહેશો અને કામ કરશો, અમેરિકા વિરુદ્ધ પ્રચાર કરશો, તો એનાં પરિણામ જરૂરથી માઠાં આવશે.

**- ડૉ. સુધીર શાહ, ઍડ્વોકેટ, મુંબઈ**

---




છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/–**

# અંગત વેદના બની સહુનો આશીર્વાદ


નીના રાવ

હૈદરાબાદની નીના રાવના જીવનમાં કોઈ અભાવ નહોતો કે નહોતો કોઈ સંઘર્ષનો સામનો કરવો પડેલો. ઉચ્ચશિક્ષણ અને સુખીસંપન્ન જીવન. પીએચ.ડી.નો અભ્યાસ કરીને અમેરિકાની યુનિવર્સિટી ઑફ કોલોરાડોમાં સારા પગારની નોકરી કરતી હતી, પરંતુ તેના મનમાં સમાજને કંઈક આપવું તે ભાવના કેન્દ્રસ્થાને હતી. ૨૦૦૬માં તે પોતાના કુટુંબ સાથે ભારત પાછી આવી. જલવાયુ ક્ષેત્ર, કૅપેસિટી બિલ્ડિંગ, વૉટર મૅનેજમેન્ટ જેવાં ક્ષેત્રોમાં કામ કરવા લાગી. આવા જુદા જુદા પ્રોજેક્ટમાં કામ કરતાં કરતાં નીના રાવને લાગ્યું કે તેના બાર વર્ષના પુત્ર હર્ષવર્ધનના ઉછેર માટે વિશેષ સમય આપવાની આવશ્યકતા હતી. તેની વર્તણૂક સામાન્ય નહોતી. ઘણા ડૉક્ટરોને બતાવ્યા પછી નિદાન થયું કે તેને એસ્પર્જર સિન્ડ્રોમ છે.

એસ્પર્જર સિન્ડ્રોમ આમ કોઈ બીમારી નથી ગણાતી, પરંતુ ઑટિઝમ સ્પેક્ટ્રમ ડિસઑર્ડર અંતર્ગત તેનો ઉપચાર કરવામાં આવે છે. આવાં બાળકોનો સામાન્ય બાળક કરતાં વિકાસ મોડો થાય છે. આ બાળકોને સામાજિક સ્થિતિનો સામનો કરવામાં તકલીફ પડે છે તેમજ લોકો સાથે વાત કરવામાં, વિચારવામાં અને સમજવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઘણી વખત એક જ વિષય પર વાત કરે, તો ક્યારેક વારંવાર એક જ વાતનું પુનરાવર્તન કરે છે. એસ્પર્જર સિન્ડ્રોમ ધરાવતી પ્રત્યેક વ્યક્તિમાં જુદાં જુદાં લક્ષણ જોવા મળે છે. નીના રાવે જોયું કે તેના પુત્રને વાંચવામાં ખૂબ રસ છે, તેથી તે એને વાંચન માટે પ્રોત્સાહિત કરવા લાગી.

હર્ષવર્ધન અન્ય બાળકો સાથે સહજતાથી હળીભળી શકતો નહોતો. શિક્ષક નીનાને બોલાવતા અને એની ફરિયાદ કરતા. નીના રાવને પણ લાગ્યું કે હર્ષવર્ધનને સ્પેશિયલ સ્કૂલમાં મૂકવો જોઈએ. એને બીજી સ્કૂલમાં મૂક્યો અને એણે આઠમા ધોરણ સુધી અભ્યાસ કર્યો. નીનાને લાગ્યું કે હવે સામાન્ય સ્કૂલમાં હર્ષવર્ધનને અભ્યાસ કરવામાં કોઈ વાંધો નહીં આવે, તેથી વળી સ્કૂલ બદલી, પરંતુ તેમાં સફળતા ન મળી. ફરી પાછી શિક્ષકની ફરિયાદો શરૂ થઈ ગઈ. નીનાને હવે પુત્રની ચિંતા થવા લાગી. આ પરિસ્થિતિમાંથી હર્ષવર્ધનને બહાર કાઢવા માટે હોમસ્કૂલિંગનો આશરો લીધો, પરંતુ તેમાં પણ નિષ્ફળતા મળી. છેવટે પરિવારજનોએ નિર્ણય કર્યો કે અમેરિકા પાછા જવું અને ત્યાં હર્ષવર્ધનને પબ્લિક સ્કૂલમાં પ્રવેશ અપાવવો. અમેરિકામાં સ્કૂલમાં

બહુઆયામી દૃષ્ટિકોણથી અભ્યાસ કરાવવામાં આવ્યો. અભ્યાસની સાથોસાથ સારવાર અને રમતગમત દ્વારા તેનો વિકાસ થતો ગયો. સ્કૂલનો અભ્યાસ તો પૂર્ણ કર્યો, તે ઉપરાંત હર્ષવર્ધન કૉલેજ પણ ગયો.

પોતાના અનુભવનો લાભ અનેક બાળકો અને માતા-પિતાને મળે તે હેતુથી નીના રાવે ૨૦૧૭માં માર્ગિકા ફાઉન્ડેશનની સ્થાપના કરી. એસ્પર્જર સિન્ડ્રોમ ધરાવતા પોતાના પુત્ર હર્ષવર્ધનને અભ્યાસ કરાવવાના અનુભવમાંથી શું શીખી અને કેવી કેવી રીત અપનાવી તે હકીકત માર્ગિકા ફાઉન્ડેશનનો પાયો છે. તેલંગાણા, મહારાષ્ટ્ર, આસામ અને ગુજરાતમાં આ ફાઉન્ડેશન આવાં વિશેષ બાળકોને માત્ર જીવિત રહેવા માટે નહીં, પણ તેનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. આ ફાઉન્ડેશન શિક્ષણવિદોના પશ્ચિમી દૃષ્ટિકોણનો ભારતીય પરિવેશમાં ઉપયોગ થાય તેવો પ્રયત્ન કરે છે, જેથી ભારતમાં બાળ માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આવે. તેઓ શિક્ષણ અને કૅપેસિટી બિલ્ડિંગ અર્થાત્ ક્ષમતાનિર્માણના કાર્યક્રમોનું આયોજન કરે છે. કોરોના મહામારી દરમિયાન વિશેષ જરૂરિયાતવાળા આઠ હજારથી વધુ પરિવારોને ટેલિસર્વિસના માધ્યમથી સહાયતા આપવામાં આવી. જેમની પાસે લૅપટૉપ નહોતાં તેવા ઘણા પરિવારને મોબાઈલ આપવામાં આવ્યા અને તેનો ઉપયોગ કરવાનું શિક્ષણ પણ આપવામાં આવ્યું. ૨૦૨૦ના જાન્યુઆરી મહિનામાં લર્નિંગ ડિસેબિલિટી સ્ક્રીનિંગ ડ્રાઈવના માધ્યમથી તેલંગાણાના શિક્ષણવિભાગના સાઠ શિક્ષકોને બાળકોનું સ્ક્રીનિંગ કરવાની તાલીમ આપી. ત્યારબાદ રંગારેડ્ડી જિલ્લાની વીસ સ્કૂલો અને વારંગલ જિલ્લાની પંદર સ્કૂલોમાં સ્ક્રીનિંગ કરવામાં આવ્યું. એની પાછળનો આશય એવો હતો કે જો વિકલાંગ બાળકોનાં સમયસર તપાસ અને નિદાન થાય તો વધારે લાભ થાય.

આ ઉપરાંત આ ચાર રાજ્યોમાં માર્ગિકા ફાઉન્ડેશન કૉમ્યુનિટી મિટિંગ, વેબિનાર અને ટેલિસર્વિસ ડ્રાઈવનું આયોજન કરીને જે લોકો આવાં બાળકોની સંભાળ લે છે તેઓનું અને તેમનાં માતા-પિતાને સહયોગ આપે છે, જેથી તેમનો ઉત્સાહ ટકી રહે. નીના રાવે ભારતીય પ્રણાલી અને પશ્ચિમની પ્રણાલીમાં જે અંતર જોયું તે ઓછું કરવા માગે છે. પશ્ચિમનાં પાઠ્યપુસ્તકો, અન્ય પ્રણાલી તેમજ આવાં બાળકો પ્રત્યેના સહાનુભૂતિભર્યા વ્યવહારને નીના રાવ મહત્ત્વ આપે છે. માર્ગિકા ફાઉન્ડેશનને ઑટિઝમ બાળકો સાથે કામ કરતી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો છે. શિક્ષણ, પ્રશિક્ષણ અને વિકાસાત્મક યોજનાઓમાં કામ કરવાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતી નીના રાવે 'માઈન્ડસ્કેપ : કૅન્વાસ ઑફ ઈમોશન્સ ઈન એ સ્પેશિયલ વર્લ્ડ' નામની કૉફી ટેબલ બુક પ્રકાશિત કરી છે, જેમાં 'સ્પેશિયલ' બાળકોની વાતોને જુદી જુદી રીતે રજૂ કરી છે. અઢીસો પૃષ્ઠના આ પુસ્તકમાં કલાકૃતિ સાથે એક કવિતા કે વાર્તા છે જે બાળકો દ્વારા કરવામાં આવેલા કામ વિશે અને તેમાં પ્રગટતી એમની ભાવનાઓનું વર્ણન છે. એ રીતે ભાવનાઓનો કૅન્વાસ બનાવે છે. એમનાં મોટા ભાગનાં બાળકો સામાજિક અને આર્થિક રીતે વંચિત સમૂહનાં છે તેમજ ગામડાંની સ્કૂલનાં છે. આ પુસ્તક એ બાળકોના મનમાં ડૂબકી લગાવવાની તક આપે છે અને તેના પરિવારોની ઝલક આપે છે.

**- પ્રીતિ શાહ**

# જ્ઞાનસત્ર અને ફિલ્મની પ્રસ્તુતિ

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘપ્રેરિત અને શ્રી પ્રાણગુરુ જૈન સેન્ટર-મુંબઈ આયોજિત 'સેવા અને ધર્મ અનુબંધ વિચાર' જ્ઞાનસત્ર યોજાયું.

પ્રારંભે ટ્રસ્ટી શ્રી ગુણવંત બરવાળિયાએ મુનિશ્રી સંતબાલજીના વિશ્વકલ્યાણના સંદર્ભે વિશિષ્ટ સેવાકાર્યોની વિગતો અંગે કહ્યું કે, મુનિશ્રીએ સેવા અને ધર્મનો અનુબંધ, નિશ્ચિય અને વ્યવહારના સમન્વયથી કર્યો હતો. જૈનદર્શનના મર્મજ્ઞ ડૉ. બિપિન દોશીએ ફિલ્મ અંગેની માહિતી આપી હતી. વિશેષ વક્તવ્યમાં ડૉ. ભરત ભગતે દાયકાઓના મેડિકલ ક્ષેત્રના તેમના હૃદયસ્પર્શી અનુભવો વર્ણવ્યા. શ્રી પ્રવીણ લહેરીએ સેવાનું હાર્દ કહેતાં ગાંધીજી અને રવિશંકર મહારાજ જેવા રાષ્ટ્રીય કક્ષાના અનેક સેવકોનાં સેવાકાર્યોની વિશેષતા વર્ણવી.

શ્રી ગુણવંતભાઈ બરવાળિયાસંપાદિત 'ધર્મ અને સેવા અનુબંધ વિચાર' ગ્રંથનું વિમોચન શ્રી ગૌરવભાઈ શેઠે કર્યું હતું. એ પછી જ્ઞાનસત્રના પ્રમુખ કુમારપાળ દેસાઈએ 'ધર્મ અને સેવાના અનુબંધ વિચાર' અંગે વિગતવાર વક્તવ્ય આપ્યું. પૂજ્ય આચાર્ય ચંદનાજી(વીરાયતન)ની સેવા મિશનની વાત પૂજ્ય શીલાપીજીએ કરી હતી. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિજીના સેવાના વિવિધ પ્રકલ્પો અંગે શૈલેષી અજમેરા અને શ્રી રાકેશજી(ધરમપુર)ના સેવામિશન અંગે આત્માર્પિત રક્ષિતજીએ માહિતી આપી. આ બંને વક્તાઓએ પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન સાથે પોતાની સંસ્થામાં ચાલતી માનવસેવાની વિવિધ પ્રવૃત્તિઓની રજૂઆત કરી હતી.

બીજા દિવસે આચાર્ય શ્રી નયપદ્મસાગરસૂરીશ્વરજીનાં સેવાકાર્યો અંગે શ્રી કેતનભાઈ શાહ અને પૂજ્ય માધવપ્રિયદાસજીના સ્વામિનારાયણ ગુરુકુળનાં સેવાકાર્યો અંગે સ્વપ્નિલ સબનીસે પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂઆત કરી હતી.

સર્વશ્રી ડૉ. અભય દોશી, ડૉ. સેજલ શાહ, સુરેશભાઈ ગાલા, ડૉ. રમજાન હસણિયા અને ભારતીબહેન મહેતા વગેરે વિદ્વાનોએ સેવા અને ધર્મના અનુબંધ અંગે જે શોધપત્રો પ્રસ્તુત કર્યાં તેનો સૂર એ હતો કે, આત્મસાધના સાથે સંતો વિશ્વકલ્યાણ માટે વિવિધ સેવાકાર્યો અંગે પ્રેરણા આપે તો સૃષ્ટિના તમામ જીવોની સુખાકારી માટેનાં કાર્યો ત્વરાથી સફળ થાય.

શ્રી બકુલભાઈ માટલિયાપ્રેરિત ડૉ. બિપિન દોશીની સંકલ્પના અને રંગત પ્રોડક્શન દ્વારા નિર્મિત 'સંતબાલ' ફિલ્મની પ્રસ્તુતિ કરવામાં આવી. આ વિશિષ્ટ ફિલ્મનાં દૃશ્યોમાં મુનિશ્રી સંતબાલજીના સેવાભાવને આગવી રીતે ઉજાગર કરવામાં આવ્યો. સંતબાલજીએ સંયમમાર્ગે જવાનો નિર્ધાર કર્યો ત્યારે તેમના ગુરુ નાનચંદ્રજી મહારાજે કહ્યું કે, 'તમને દીક્ષાના ભાવ જગાડનાર સૌભાગ્યમલજી મહારાજ છે. મારી પાસે




**શ્રી ગુણવંત બરવાળિયાસંપાદિત 'સેવા અને ધર્મ અનુબંધ વિચાર'ના વિમોચન પ્રસંગે**

દીક્ષિત થવા માટે તેમની આજ્ઞા જરૂરી છે. વળી તમારી માતા અને વાગ્દત્તાની અનુમતિ મળે પછી જ દીક્ષાદાન આપી શકાય.' આ સમયે માતાના મૃત્યુની જાણ થાય છે.

વાગ્દત્તા દિવાળીબહેન કહે છે કે, 'તમને ધર્મના માર્ગે જતાં હું અંતરાયરૂપ નહીં બનું. આપ સુખેથી સંયમપંથે પ્રયાણ કરો.' અહીં દિવાળીના ત્યાગભાવમાં એક આદર્શ શ્રાવિકાનાં મનોભાવો દર્શાવવામાં ફિલ્મ સફળ રહી. વળી સૌભાગ્યમલજી મ.સા. કહે છે કે, 'સંપ્રદાયનું મહત્ત્વ નથી. આપ પૂ. નાનચંદ્રજી પાસેથી સંયમ ગ્રહણ કરો' આ દૃશ્યમાં જૈન સંતની ઉદારતાની પ્રતીતિ થાય છે.

પૂર્વાશ્રમમાં સંતબાલજીનું મૂળ નામ શિવલાલ. વેપારમાં એક વ્યક્તિ પાસેથી તેમણે પૈસા લેવાના હતા તે ન આપતા, 'તમારી દુકાન સામે ઉપવાસ પર ઊતરીશ' તેવી મક્કમ વાત કરતાં તે વ્યક્તિ તેમને નાણાં પરત આપે છે.

તેમનો અર્ધો દિવસ સત્સંગ પ્રવચનમાં જતો. શેઠ પાસેથી માત્ર ૧૫ દિવસનો જ પગાર સ્વીકારનાર શિવલાલમાં પ્રામાણિકતાનાં દર્શન થાય છે. દીક્ષા પછી એક વર્ષના મૌન એકાંતવાસમાંથી બહાર આવ્યા પછી જાહેર કરે છે કે, 'સંતોએ આત્મસાધના સાથે વિશ્વકલ્યાણ અને સેવાનાં કાર્યો કરવા જોઈએ.'

વ્યસન, ગરીબી, શિકાર, કુરિવાજો અને ચોરી જેવાં દૂષણગ્રસ્ત નપાણિયા ભાલ-નળકાંઠા વિસ્તારમાં અસંખ્ય સેવાકાર્યો કરે છે તેની હૃદયદ્રાવક ઝલક ફિલ્મમાં બતાવવામાં આવી છે.

શિકાર સામે મંત્રજાપ, ચોરી અને અન્યાય સામે મહાત્મા ગાંધીમાર્ગે શુદ્ધિપ્રયોગ વગેરે દૃશ્યોનું સુંદર રીતે ફિલ્માંકન કરવામાં આવ્યું છે. વિનોબા ભાવે અને રવિશંકર મહારાજના વિરમગામના કૉલેરાના પ્રસંગના સંવાદ દ્વારા મુનિશ્રીના સ્વચ્છતા અને ધર્મ સાથેના અનુબંધના વિચારની ઝાંખી તથા કાલીમાતાના મંદિરમાં ચાલતા

બલિવિરોધના આંદોલનમાં તેમજ માછલીના તેલનો વેપાર કરનાર દાનવીરનું દાન ન સ્વીકારવાનું દશ્ય મુનિશ્રીના ધર્મ અને સેવાના સાધનશુદ્ધિના વિચારનું પ્રતિબિંબ પાડે છે.

વિશ્વના ધર્મો પર વિપુલ સાહિત્યનું સર્જન કરનાર, વિશ્વકલ્યાણ, જીવદયા અને જનસેવાનાં કાર્યો માટે અનેક સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા કરનાર આ ક્રાંતદ્રષ્ટા મુનિના કાળધર્મ પછી તેમની ઈચ્છા અનુસાર બ્રહ્મચારિણી બહેનો તેમની પાલખીને કાંધ આપી ચીંચણ(બોઈસર)ના સમુદ્રકિનારે અંતિમસંસ્કાર માટે લઈ જાય છે, જે તેમણે આપેલ 'ૐ મૈયા' મંત્રને ચરિતાર્થ કરે છે.

રંગત પ્રોડક્શન, ડૉ. બિપિનભાઈ દોશી અને બકુલભાઈ માટલિયા(U.S.A.)ને આવી સુંદર પ્રેરક ફિલ્મસર્જન બદલ સહુ પ્રેક્ષકોએ અભિનંદન આપ્યા હતા.

**- નલિની દેસાઈ**

## વાર્તા-મેળો : માતૃભાષાની સેવામાં એક મૌલિક પ્રયાસ

આજના માહિતીવિસ્ફોટના સમયમાં માણસ ચારે બાજુ ઊભરાતી માહિતીમાં એટલો બધો અટવાઈ ગયો છે કે મૌલિક વિચારવાનું તેણે ઓછું કરી નાખ્યું છે અને મૌલિક લખવાનું તો લગભગ બંધ થઈ ગયું છે. તેને બદલે હવે તૈયાર forwardsનો જમાનો છે. જન્મદિવસ પર 'હેપ્પી બર્થ ડે'ના મૅસેજ અને કોઈના મૃત્યુના દુઃખદ સમાચાર પર RPIનો સંદેશ. માત્ર ત્રણ અક્ષરમાં આખા જીવનનો ચિતાર!

આવા સમયમાં જો બાળકને નાનપણથી પોતાના વિચારો પોતાના શબ્દોમાં પ્રગટ કરવા પ્રોત્સાહિત નહીં કરીએ તો મોટું થતાં તે જાતે વિચારવાની ક્ષમતા ગુમાવી બેસશે. એક વિચારહીન સમાજની કલ્પના કેટલી ભયજનક છે!? અંગ્રેજી સિવાયની માતૃભાષાનાં બાળકો આમાં વધુ પરેશાન થાય છે. તેઓ શુદ્ધ અંગ્રેજી બોલવામાં કાચા પડે છે અને માતૃભાષા ઉપર તેમની હથોટી ગુમાવી બેસે છે.

આવી પરિસ્થિતિમાં બાળકોને અને શિક્ષકોને મૌલિક અને રચનાત્મક લેખન તરફ દોરી જવા છેલ્લાં નવ વર્ષથી વાર્તા-લેખન સ્પર્ધા 'વાર્તામેળો' યોજાય છે. યોગ્ય ઈનામો આપી ઈનામી વાર્તાઓ પુસ્તક રૂપે પ્રગટ થાય છે.

પહેલા વર્ષે (૨૦૧૭માં) આખા ગુજરાતના ૨૨ જિલ્લાઓમાંથી અને મુંબઈથી એમ લગભગ ૧૦૦થી પણ વધુ શાળાઓમાંથી પ્રાથમિક ચકાસણી બાદ ૧૩૭૫ વાર્તાઓ અમને મળી. લગભગ દરેક શાળાએ પ્રાથમિક સ્તરે સ્પર્ધા કરી સારી વાર્તાઓ જ આ સ્પર્ધા માટે મોકલી. એટલે, ખરેખર તો આ સ્પર્ધા લગભગ ૧૦,૦૦૦થી ૧૨,૦૦૦ બાળકો માટેની હતી. આટલા વિશાળ ફલક પર બાળકો માટે ગુજરાતી વાર્તા-લેખનસ્પર્ધા કદાચ પ્રથમ વાર જ હશે. મૌલિક વિચારો, ભાષાસજ્જતા અને રજૂઆત જેવા માપદંડો વાપરી વાર્તામેળોની ટીમ વાર્તાઓનું પહેલું આકલન કરે છે. ત્યારબાદ ભાષાતજ્જ્ઞ ઈનામી વાર્તાઓ નક્કી કરે છે.

* 'વાર્તા-મેળો'ના પહેલા વર્ષના ઈનામવિતરણ સમારંભમાં ગુજરાતી બાળવાર્તાનાં મોભી એવાં સુશ્રી ધીરુબહેન પટેલ મુખ્ય મહેમાન હતાં. એના બીજા વર્ષે 'વાર્તામેળો'માં વાર્તાસ્પર્ધામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને સામેલ કર્યા.

* પછીના વર્ષે બાળકોના વિકાસ માટે સ્પર્ધામાં શિક્ષકોને પણ સામેલ કર્યા.

* ચોથા વર્ષે 'સ્વચ્છતા' શબ્દ વાર્તામાં સમાવતી ૧૯૦૦ થી વધુ વાર્તાઓ મળી.

* પાંચમા વર્ષે કોરોના-કાળમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સામે ચાલીને સ્પર્ધા ચાલુ રાખવાની અપીલ કરવામાં આવી! ૨૦૦૦થી પણ વધુ હસ્તલિખિત વાર્તાઓ, ૧૨,૫૦૦થી વધુ પાનાં અને ૨૫ કિલોથી વધુ વજનનું પુસ્તક રચી 'વાર્તામેળો'એ વિશ્વવિક્રમ સર્જ્યો.

* છટ્ઠા વર્ષે કોરોનાના કપરા સમયમાં પરિવારમાં પ્રેમ વધે એવી આશા સાથે ઘરનાં વડીલો કે દાદા-દાદી પાસેથી વાર્તા સાંભળીને બાળકોએ પોતાના શબ્દોમાં વાર્તા લખી. શિક્ષકોએ 'ભારતનો સાંસ્કૃતિક વારસો' વિષય પર બહુ જ સુંદર વાર્તાઓ લખી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વાર્તાઓનું સ્તર ઊંચું આવી રહ્યું છે પણ મંજિલ ઘણી દૂર હોય તેવું લાગે છે!

* વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વાર્તાલેખન માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે આશયથી 'વાર્તા-મેળો' અને 'આપણું આંગણું'ના સંયુક્ત ઉપક્રમે ૨૭,૨૮,૨૯ ઑગસ્ટ, ૨૦૨૧, ત્રણ દિવસની વાર્તાશિબિર યોજી હતી, જેમાં શ્રી મણિભાઈ હ. પટેલે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંબોધી જરૂરી માહિતી અને માર્ગદર્શન આપ્યાં હતાં.

* સાતમા વર્ષે 'વાર્તામેળો'ની વેબસાઈટ www.vartamelo.org પર online submission સ્વરૂપે વાર્તાઓ સ્વીકારી. નવી ટૅક્નૉલૉજી અને વેબસાઈટના ઉપયોગથી સ્પર્ધાના વિજેતાઓ ઉપરાંત દરેક પ્રતિસ્પર્ધીને પણ સ્પર્ધામાં ભાગ લેવા બદલ સર્ટિફિકેટ આપ્યું. આઝાદીના અમૃતમહોત્સવને ધ્યાનમાં રાખીને આ વર્ષની વાર્તાઓના પહેલા ફકરામાં 'આઝાદી' શબ્દ આવવો જરૂરી હતો. ઘણા પ્રતિસ્પર્ધીઓએ 'આઝાદી' શબ્દનું અને ભાવનું સરસ રચનાત્મક અર્થઘટન કર્યું તેનો આનંદ! વાર્તાઓમાં સાંસ્કૃતિક વિવિધતા તથા સંસ્કૃતિ અને આધુનિક ટૅક્નૉલૉજીનું સુભગ મિલન જોવા મળ્યું.

* વાર્તાનું આઠમું વર્ષ એટલે વાર્તાષ્ટમી! યુદ્ધના વાતાવરણને કારણે સ્પર્ધકોએ વાર્તાના પહેલા ફકરામાં 'યુદ્ધ' શબ્દ વાપરી રસપ્રદ વાર્તાઓ લખી.

* નવમી વાર્તા-લેખનસ્પર્ધા વાર્તા-મેળોનો ઈનામવિતરણ સમારંભનું 'વિશ્વકોશ' ખાતે ૮ માર્ચ, શનિવારે સાંજે આયોજન કરવામાં આવ્યું. ગુજરાતનાં દૂરદૂરનાં નાનાં નાનાં ગામોમાંથી પણ સરસ વાર્તાઓ આવે છે.

'વાર્તા-મેળો' એ માતૃભાષાનું ઋણ ચૂકવવાનો કિકાણી પરિવારનો નિસ્વાર્થ પ્રયાસ છે. માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને જનસમાજમાં ગુજરાતી ભાષા અને શિક્ષણ અંગેની સજ્જતા વધે તે એનું ધ્યેય છે! ગુજરાતમાં રહેતા અને રાજ્ય તથા દેશ બહાર રહેતા સૌ ગુજરાતીઓ સુધી પહોંચવાનો નમ્ર પ્રયાસ છે.

**- દર્શા કિકાણી**

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### (ઑનલાઇન કાર્યક્રમ)

◈ **૯ એપ્રિલ, ૨૦૨૫, બુધવાર : સાંજના ૬-૦૦**
વિષય : પંચેન્દ્રિયથી પામવાની કવિ-ચિત્રકાર ગુલામમોહમ્મદ શેખની કવિતા
વક્તા : શ્રી યોગેશ જોષી

◈ **૩૦ એપ્રિલ, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : સંતોની સૃષ્ટિ
વક્તા : શ્રી દલપત પઢિયાર

### (ઑફલાઇન કાર્યક્રમો)

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૧ એપ્રિલ, ૨૦૨૫, શુક્રવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

◈ **૨૪ એપ્રિલ, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

### શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ

◈ **૫ એપ્રિલ, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : ચંદ્રવદન : એક ચીજ અનોખી
વક્તા : શ્રી મહેન્દ્રસિંહ પરમાર

### પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રીમતી મંજુલા આર. સંઘવી જ્ઞાનપ્રસાર વ્યાખ્યાનમાળા તથા વિશ્વા

◈ **૮ એપ્રિલ, ૨૦૨૫, મંગળવાર : સાંજના ૫-૩૦**
વિષય : પર્યાવરણના સંદર્ભમાં ઈ-વેસ્ટનું મૅનેજમેન્ટ
વક્તા : ફાલ્ગુની પટેલ

### રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૧૨ એપ્રિલ, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : હનુમાન : રામ તે અધિક, રામ કર દાસા ! (રામથી ચઢિયાતા રામના દાસ)
વક્તા : પ્રો. વિજય પંડ્યા

## શિક્ષણવિદ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

◈ **૨૩ એપ્રિલ, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : પુસ્તકોએ કરેલું મારું વૈચારિક ઘડતર

વક્તા : સર્વશ્રી અનામિક શાહ, ભરત મહેતા, સંજય ચૌધરી

## શ્રીમતી કુંદનબહેન અંબાલાલ કલા-ગૌરવ પુરસ્કાર

◈ **૨૬ એપ્રિલ, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**

ભારતના અગ્રણી ચિત્રકાર, લેખક અને શિક્ષણવિદ ગુલામમોહમ્મદ શેખને એમની ચિત્રકલા માટે કલા-ગૌરવ પુરસ્કાર એનાયત થશે. એ પ્રસંગે અમિત અંબાલાલ અને પીયૂષ ઠક્કર પ્રસંગોચિત વક્તવ્ય આપશે.

### આસ્વાદ

◈ **૧૯ એપ્રિલ, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'ગુજરાતી રંગભૂમિ : સાંપ્રત પ્રવાહો અને ભવિષ્ય' વિશે જાણીતા રંગકર્મી અને નાટ્યમર્મી શ્રી કબીર ઠાકોર વક્તવ્ય આપશે.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર


ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

એપ્રિલ મહિનામાં ૬ એપ્રિલે 'માને કેવી સાચવી' ×અને ૨૦ એપ્રિલે 'બે બિલાડી અને વાંદરો' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૧૩ એપ્રિલે 'સારાં કર્મોની સુવાસ' અને ૨૭ એપ્રિલે 'પપ્પુ પૅરટ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

---





પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**



સ્વાસ્થ્ય-યોગશ્રેણી અને 'વિશ્વા'ના ઉપક્રમે આયોજિત વ્યાખ્યાનમાં
'સ્ત્રી-સ્વાસ્થ્યની સારવાર અંગેની નવી ક્ષિતિજો' વિશે ડૉ. મુકેશ બાવીશી




વિશ્વકોશભવનમાં 'ધર્મ અને સેવાનો અનુબંધ' વિશે યોજાયેલા જ્ઞાનસત્રમાં
વક્તવ્ય આપતાં પૂ. શિલાપીજી


દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

આધુનિક યુગને અનુલક્ષીને
વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આધારિત ગુજરાત વિશ્વકોશ દ્વારા પ્રકાશિત

## શ્રી ચિંતન ભટ્ટલિખિત બે મૂલ્યવાન ગ્રંથો

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ




આજે સર્વત્ર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સિદ્ધિની વાત થાય છે અને આ સતત વિકસતી ટૅક્નૉલૉજીના ભવિષ્યની ક્ષમતા અને એનાં ભયસ્થાનો વિશે ચોમેર ચર્ચા થઈ રહી છે ત્યારે આ વિષય પર આગવી છણાવટ કરતું 'ભાવિ પર નજર : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' પુસ્તક સહુનાં રસ-રુચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના લાભ અને ગેરલાભ વિશેની વિસ્તૃત માહિતી સરળ ભાષામાં આલેખવામાં આવી છે.

કિંમત : રૂ. ૧૪૦, પૃષ્ઠ : ૧૨૦




### પૃથ્વીથી અંતરિક્ષ ભણી

આ પુસ્તકમાં અંતરિક્ષનો પરિચય અને પૃથ્વીના વાતાવરણની સાથોસાથ અંતરિક્ષ ખેડાણ, આ ક્ષેત્રમાં કાર્યરત વિશ્વની સંસ્થાઓ, ભવિષ્યના ઉપગ્રહો, ભવિષ્યનું અંતરિક્ષયાન, સમાનવ અંતરિક્ષ અભિયાનથી માંડીને અંતરિક્ષપર્યટન, અંતરિક્ષ-યાત્રીઓનો ખોરાક, એના યાતાયાતના નિયમો, અંતરિક્ષ કચરો અને અંતરિક્ષમાં વસવાટની વિગતોની છણાવટ કરવામાં આવી છે. એની સાથોસાથ અન્ય ગ્રહો પર ચાલતી પાણીની શોધ અંગે પણ આમાં વિગતે ચર્ચા કરવામાં આવી છે.

કિંમત : રૂ. ૨૪૦, પૃષ્ઠ : ૧૮૪

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪